dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 202 | AD - 2024, Chaitra Vad - 03 | Friday, Dt.26-04-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


# આજે ૧૩ રાજ્યોમાં ૮૮ બેઠકો પર કડક સુરક્ષા વચ્ચે મતદાન

## બીજા તબક્કામાં અનેક દિગ્ગજ આગેવાનોની પ્રતિષ્ઠા દાવ પર લાગી, ચૂંટણી પંચની તૈયારીઓ પૂર્ણ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૫

લોકસભા ચૂંટણીના બીજા તબક્કા હેઠળ તા. ૨૬ એપ્રિલે ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો પર કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે મતદાન હાથ ધરવામાં આવશે. ૨૬ એપ્રિલે કેરળની તમામ ૨૦ સીટ પર, કર્ણાટકની ૨૮ સીટોમાંથી ૧૪ સીટ પર, રાજસ્થાનમાં ૧૩ સીટ પર, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશમાં ૮-૮ સીટો પર, મધ્યપ્રદેશની ૭ સીટ પર, આસામ અને બિહારમાં ૫-૫ સીટ પર મતદાન થશે, જયારે છત્તીસગઢ અને પશ્ચિમ બંગાળમાં ૩-૩ બેઠકો પર અને મણિપુર, ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરમાં ૧-૧ બેઠક પર મતદાન થશે. જણાવી દઈએ કે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા હેઠળ ૧૯ એપ્રિલે ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો પર મતદાન થયું હતું, જેમાં લગભગ ૬૫.૫ ટકા મતદાન થયું હતું.




બીજા તબક્કામાં અનેક દિગ્ગજોની પ્રતિષ્ઠા દાવ પર લાગી છે. તેમાં કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખર (તિરુવનંતુરમ), બીજેપી નેતા તેજસ્વી સૂર્યા (કર્ણાટક), મથુરાથી હેમા માલિની, મેરઠથી અરુણ ગોવિલ, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી (વાયનાડ), તિરુવનંતપુરમથી શશિ થરૂર, કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારના ભાઈ ડી.કે. સુરેશ (કોંગ્રેસ) અને કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી એચડી કુમારસ્વામી (જેડીએસ) સામેલ છે.

બીજા તબક્કાની ૮૮ બેઠકોમાંથી ગઈ વખતની ચૂંટણીમાં, એનડીએએ ૬૧ બેઠકો જીતી હતી અને યુપીએએ ૨૪ બેઠકો જીતી હતી, જ્યારે અન્યોએ ત્રણ બેઠકો જીતી હતી. બીજા તબક્કાનાં મતદાનમાં જનતા ૨ કેબિનેટ મંત્રી અને ૪ રાજ્ય મંત્રીઓનું ભાવિ નક્કી કરશે. આ તબક્કામાં ૨૯ બેઠકો એવી છે જ્યાં ભાજપ ક્યારેય જીતી શક્યું નથી. તેમાંથી કેરળમાં સૌથી વધુ ૨૦ સીટો છે. ઉત્તર પ્રદેશની વાત કરીએ તો, બીજા તબક્કામાં આઠ બેઠકો પર મતદાન થવાનું છે, જેમાંથી ૭ બેઠકો ગઈ વખતે ૨૦૧૯માં ભાજ પાસે જ હતી.

ચૂંટણી પંચ દ્વારા અગાઉ જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર બીજા તબક્કામાં કુલ ૮૯ બેઠકો પર મતદાન થવાનું હતું, પરંતુ મધ્યપ્રદેશની બેતુલ બેઠક પર બસપા ઉમેદવારના મૃત્યુ બાદ અહીં ચૂંટણી ત્રીજા તબક્કામાં ખસેડવામાં આવી હતી. જેના કારણે હવે બીજા તબક્કામાં કુલ ૮૮ બેઠકો પર મતદાન થશે. બીજા તબક્કામાં ક્યા રાજ્યની કઈ બેઠક પર મતદાન યોજાશે તેમાં ત્રિપુરા- ત્રિપુરા પૂર્વ, જમ્મુ કાશ્મીર- જમ્મુ લોકસભા, પશ્ચિમ બંગાળ- દાર્જિલિંગ, રાયગંજ અને બાલૂરઘાટ, આસામ- દર્રાંગ-ઉદાલગુરી, ડિફૂ, કરીમગંજ, સિલચર અને નૌગાંવ, બિહાર- કિશનગંજ, કટિહાર, પૂર્ણિયા, ભાગલપુર અને બાંકા, છત્તીસગઢ- રાજનાંદગાંવ, મહાસમુંદ અને કાંકેર, મધ્ય પ્રદેશ- ટીકમગઢ, દમોહ, ખજુરાહો, સતના, રીવા અને હોશંગાબાદ, મહારાષ્ટ્ર- બુલઢાણા, અકોલા, અમરાવતી, વર્ધા, યવતમાલ, વાશિમ, હિંગોલી, નાંદેડ અને રભણી, ઉત્તર પ્રદેશ- અમરોહા, મેરઠ, બાગત, ગાઝિયાબાદ, ગૌતમબુદ્ધનગર, બુલંદશહેર, અલીગઢ અને મથુરા, રાજસ્થાન- ટોંક-સવાઈ માધોપુર, અજમેર, પાલી, જોધપુર, બાડમેર, જાલોર, ઉદયપુર, બાંસવાડા, ચિતૌડગઢ, રાજસમંદ, ભીલવાડા, કોટા અને ઝાલાવાડ-બારા, કર્ણાટક- ઉડુપી-ચિકમગલૂર, હાસન, દક્ષિણ કન્નડ, ચિત્રદુર્ગ, તુમકુર, માંડ્યા, મૈસૂર, ચામરાજનગર, બેંગલુરૂ ગ્રામીણ, બેંગલુરૂ ઉત્તર, બેંગલુરૂ સેન્ટ્રલ, બેંગલુરૂ દક્ષિણ, ચિકબલ્લાપુર અને કોલાર, કેરળ- કાસરગોડ, કન્નૂર, વડકરા, વાયનાડ, કોઝિકોડ, મલ્લુરમ, પોન્નાની, લક્કડ, અલાથુર, ત્રિશૂર, ચલાકુડી, એર્નાકુલમ, ઈડુક્કી, કોટ્ટાયમ, અલાપ્પુઝા, મવેલ્લિકારા, થાનમથિટ્ટા, કોલ્લમ, અટ્ટિંગલ અને તિરૂઅનંતપુરમનો સમાવેશ થાય છે બીજા તબક્કાના મતદાનમાં ઘણા દિગ્ગજ નેતાઓનું ભાવિ દાવ પર છે, જેમાં ભાજપના પ્રહલાદ જોશી, હેમા માલિની, ઓમ બિરલા, અરુણ ગોવિલ, નવનીત રાણા, મહેશ શર્મા, કોંગ્રેસના શશિ થરૂર અને રાહુલ ગાંધીની બેઠકો પર પણ બીજા તબક્કામાં મતદાન થશે. શશિ થરૂર તિરુવનંતપુરમથી અને રાહુલ ગાંધી કેરળના વાયનાડથી ચૂંટણી લડી રહ્યા છે.




## હૈદરાબાદથી વિજયવાડા જતી વખતે દુર્ઘટના બની

# તેલંગાણામાં કાર-ટ્રક વચ્ચે અકસ્માત : ૬ના કરૂણ મોત

### ટ્રક સાથે કાર અથડાતા વિસ્ફોટ, પોલીસે ટ્રકચાલકની ધરપકડ કરી

વિજયવાડા,તા.૨૫

તેલંગાણામાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. આ અકસ્માતમાં છ લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે. હૈદરાબાદથી વિજયવાડા જતી વખતે કારે મુતંગી આઉટર રિંગ રોડ પર પાર્ક કરેલ ટ્રકને પાછળથી ટક્કર મારી હતી. અથડામણ થતાંની સાથે જ એકાએક વિસ્ફોટ થયો અને કાર સંપૂર્ણ રીતે બળીને ખાખ થઈ ગઈ. આ ભયાનક માર્ગ અકસ્માતમાં એક મહિલા અને એક બાળક સહિત છ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ અકસ્માત નાલગોંડાના કોદાદ શહેરમાં દુર્ગાપુરમ હાઈવે પર થયો હતો.



હૈદરાબાદના છ લોકોએ જીવ ગુમાવ્યો જ્યારે એક કાર રસ્તાની બાજુમાં પાર્ક કરેલ ટ્રક સાથે અથડાઈ. મૃતકોમાં ચાર પુરુષ, એક મહિલા અને એક બાળકનો સમાવેશ થાય છે. આ લોકો વિજયવાડા જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત થયો હતો. તૂટી જવાના કારણે ટ્રક રોડની સાઈડમાં ઉભો હતો. ત્યારે પાછળથી આવતી કાર તેની સાથે અથડાઈ હતી. કોડાડા વિસ્તારમાં આવી જ બીજી દુર્ઘટનાના ત્રણ દિવસ બાદ આ અકસ્માત થયો હતો. ગત બનાવમાં કારની ટક્કરે યુવાન દંપતીનું મોત થયું હતું.

કોદાદ ટાઉન પોલીસ સબ ઈન્સ્પેક્ટરે જણાવ્યું હતું કે દુર્ગાપુરમ રોડ પર એક ટ્રક સાથે કાર અથડાતાં છ લોકોના મોત થયા હતા. કારમાં ૧૦ લોકો હૈદરાબાદથી વિજયવાડા જઈ રહ્યા હતા. ત્યારે આ અકસ્માત થયો હતો. ટ્રકચાલકને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને કેસ નોંધવામાં આવ્યો છે.


















## ભાજપ ઉમેદવાર ભરતભાઈ સુતરીયાને મળતુ પ્રચંડ જન સમર્થન

# ભરતભાઈ સુતરીયાના સમર્થનમાં સભા ગજવતા કૌશિક વેકરીયા





અમરેલી,તા.૨૫

અમરેલી તાલુકાના ૧૭ ગામડાઓમાં અમરેલી લોકસભાના ભાજપ ઉમેદવાર ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ સભાઓ ગજવી હતી. જેમ જેમ મતદાનની તારીખ નજીક આવી રહી છે તેમ તેમ પ્રચાર પ્રસાર વધુ વેગવંતો બની રહ્યો છે. અમરેલી તાલુકાના ૧૭ ગામડાઓમાં બધા જ કાર્યક્રમો મતદારોની મોટી સંખ્યામાં હાજરી રહી હતી. આ કાર્યક્રમમાં તમામ ગામના લોકો તેમજ આજુબાજુના ગામના લોકો પણ તમામ મિટિંગમાં એકત્ર થયા હતા અને દરેક ગામના સરપંચો સહિત સ્થાનિક આગેવાનો તેમની ટીમ સાથે વિસ્તારમાં હાજર રહ્યા હતા અને કાર્યક્રમના સફળ બનાવવા માટે દરેક લોકોએ સારી એવી જહેમત ઉઠાવી હતી.

આવનારા સમયમાં પાંચ લાખ કરતા વધુ લીડથી જીતવાના સંકલ્પને સાર્થક કરવા માટે ભાજપ પરિવારના હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને આગેવાનોએ સારી એવી જહેમત ઉઠાવી છે ત્યારે સભા દરમિયાન અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે તમે જે રીતે મને ચૂંટીને મોકલ્યો છે એ રીતે આપણે સૌએ સાથે મળીને આપણા લોકસભાના ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાને જંગી લીડ સાથે આપણે દિલ્હી ખાતે કમળરૂપે મોકલવાના છે જેથી ફરી એકવાર આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર બને. આ માટે વધુ મતદાન કરીએ. દરેક સભામાં ગામના લોકોનો ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો અને લોકોએ પણ ભરતભાઈ સુતરીયા 'તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ 'ના નારા લગાવ્યા હતા.

ગુજરાતમાં ૭ મેના રોજ મતદાન થવાનું છે તે પહેલા સમગ્ર રાજ્યમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે. તમામ ઉમેદવારો હાલમાં ચૂંટણી પ્રચારમાં લાગ્યા છે ત્યારે કેરીયા નાગસ ગામે ભાજપ ઉમેદવારની જંગી જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાજપનાં ઉમેદવાર ભરતભાઈ સુતરીયા ઉપરાંત ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, કિશોરભાઈ કાનપરિયા, કાળુભાઈ વાળા, પ્રવીણભાઈ માંગરોળીયા, દિલીપભાઈ સાવલિયા તેમજ ભાજપના કાર્યકરો હાજર રહ્યા હતા. આ સભામાં છગનભાઈ નાકરાણી, રાજુભાઈ મેવાડા, ભાયાભાઈ આહીર, મનસુખભાઈ ગાંગડીયા, ભરતભાઈ હરખાણી, સંજયભાઈ માધડ, જે.બી. ગાંગડીયા, વજુભાઈ ગાંગડીયા, સુરેશભાઈ છત્રોલા, દિનેશભાઈ સોળીયા, રતિભાઈ બોદર, સુરેશદાદા જોશી, ખોડાભાઈ મેરીયા, ચંદુભાઈ સાથળીયા, ઘનશ્યામભાઈ લાંભિયા તેમજ તમામ સમાજનાં આગેવાનો, કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

અમરેલી તાલુકાનાં રાજસ્થળી ગામે મોટા ગોખરવાળા તાલુકા પંચાયત સીટનાં આઠ ગામની સભા અમરેલી લોકસભાનાં ઉમેદવાર ભરતભાઈ સુતરીયાનાં સમર્થન માટે યોજાઈ હતી. આ સભામાં ગુજરાત સરકારનાં નાયબ મુખ્ય ઉપદંડક કૌશિકભાઈ વેકરીયા, ભરતભાઈ સુતરીયા, અશ્વિનભાઈ સાવલિયા, કિશોરભાઈ કાનપરીયા, પ્રવીણભાઈ માંગરોળીયા, ઘનશ્યામભાઈ ત્રાપસિયા, કાળુભાઈ વાળા, જે.બી. દેસાઈ, પ્રવીણભાઈ તેમજ તમામ ગામનાં સરપંચો અને બહોળી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. આ તકે રાજસ્થળી ગામના સરપંચ ગણપતભાઈ સેંજલિયાએ ભરતભાઈ સુતરીયાને ઐતિહાસિક જંગી બહુમતીથી વિજયી બનાવવા હાકલ કરી હતી. સાથે સાથે મોટા ગોખરવાળા તાલુકા પંચાયતનાં તમામ ગામોમાંથી બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા બદલ આભાર માન્યો હતો. અમરેલી તાલુકાના કેરીયા ચાડ, ચાડિયા, સાજીયાવદર, બાબાપુર, મોટા માંડવડા, કમીગઢ, નવા ખીજડીયા, માંગવાપાળ, માલવણ, રાંઢીયા, નાના આંકડિયા, નાના માચીયાળા , હરીપુરા, જશવંતગઢ ચિત્તલ સહિતના ગામડાઓમાં સભાઓ યોજી હતી.

## ભાજપે આમ આદમી કાર્યકર્તાઓને આવકાર્યા

# બગસરાનાં હામાપુરનાં આમ આદમી પાર્ટીનાં કાર્યકરો ભાજપમાં જોડાયા



બગસરા,તા.૨૫

બગસરા તાલુકાનાં હામાપુર ગામના આમ આદમી પાર્ટી કાર્યકર કિશોરભાઈ બાબરીયા તેમજ બગસરા માર્કેટિંગ યાર્ડનાં પૂર્વ ડિરેક્ટર તેમજ હામાપુર સેવા સહકારી મંડળીનાં પૂર્વ પ્રમુખ અને કિશોરભાઈ બાબરીયા આજે ભાજપમાં જોડાયા હતા. આ તકે બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર, મોટા મુંજીયાસરનાં સરપંચ જયસુખભાઈ ખેતાણી, માવજીંજવાનાં સરપંચ રાજુભાઈ કાકડિયાએ વિધિવત ખેસ પહેરાવી ભારતીય જનતા પાર્ટીમાં આવકાર્યા હતા.

## આ મારું નહિ પરંતુ અમારા આખા સમાજનું અપમાન : ઉપપ્રમુખ દિનેશ હડિયલ

# બગસરામાં સામાજીક સંવાદ બેઠકમાં સથવારા સમાજનાં ઉપપ્રમુખનું અપમાન

### ભાજપ આગેવાને પક્ષમાંથી રાજીનામું આપવાની ચીમકી ઉચ્ચારી

અમરેલી,તા.૨૫

ભાજપ દ્વારા સથવારા સમાજ તેમજ કોળી સમાજનાં અગ્રણીઓની કોળી સમાજ ખાતે સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં બન્ને સમાજના પ્રમુખ અને ઉપ પ્રમુખને સ્ટેજ પર સ્થાન મળ્યું હતું. આ દરમિયાન ભાજપના આગેવાને સથવારા સમાજના ઉપ પ્રમુખ દિનેશભાઈ હડિયલને સ્ટેજ પરથી નીચે ઉતારતા તેઓ ગુસ્સામાં ભાજપનો ખેસ ત્યાં જ મૂકી સભા છોડીને ચાલ્યા ગયા હતા. આ બાબતે દિનેશભાઈને પૂછતા તેમણે જણાવેલ કે આ મારું નહિ પરંતુ અમારા આખા સમાજનું અપમાન છે. હું ભાજપનો મંત્રી હોવા છતાં ભાજપના જ નેતા દ્વારા અપમાન કરવામાં આવતા હું ભાજપમાંથી રાજીનામું આપવા જઈ રહ્યો છું. પક્ષ દ્વારા કાં તો આવા નેતાની હકાલપટ્ટી કરવામાં આવે કાં તો માફી માંગવામાં આવે તો અમારો સમાજ માફ કરશે નહિ તો હવે ભાજપમાંથી રાજીનામું આપવાની ફરજ પડશે. આ બાબતે પાલિકા પૂર્વ પ્રમુખ એ.વી. રિબડીયાનો સંપર્ક કરવામાં આવતા આવી કોઈ ઘટના તેમના તરફથી બનેલ ન હોય તેમજ આ વાત સત્યથી ખૂબ જ દૂર હોવાનું નિવેદન આપ્યું હતું.

**ભાજપની બેઠકમાં ખેસની ખેંચતાણ**

સથવારા સમાજના ઉપ પ્રમુખ દિનેશભાઈ હડિયલને સ્ટેજ પરથી નીચે ઉતારતા તેઓ ગુસ્સામાં ભાજપનો ખેસ ત્યાં જ મૂકી સભા છોડીને ચાલ્યા ગયા હતા. આ બાબતે દિનેશભાઈ દ્વારા જાણવવા મળ્યુ હતું કે, ભાજપનો કેસરિયો ખેસ છોડીને જતા રહેવુ એ કેસરિયા કાર્યકર્તાઓનું અપમાનજક ઘટના કહેવાય.

## વિશ્વ મેલેરીયા દિવસની થીમ મુજબ

# અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર અમરેલી દ્વારા રાષ્ટ્રીય મેલેરીયા દિવસની ઉજવણી કરાઈ



અમરેલી,તા.૨૫

અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર અમરેલી - ૨ ના મેડિકલ ઓફિસર ડો. કોમલબેન ડાભી, સુપરવાઈઝર નવનીત માધડનાં માર્ગદર્શન નીચે અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર અમરેલી - ૨ નાં તમામ વિસ્તારોમાં એમ.પી.એચ.ડબલ્યુ., એફ. એચ.ડબલ્યુ. તથા આશાબહેનો દ્વારા રાષ્ટ્રીય મેલેરિયા દિવસ અંતર્ગત અલગ-અલગ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેમાં હાઉસ ટુ હાઉસ સર્વે, ડીસ્કા કન્ટેનર, આઈ.ઈ.સી. પ્રાથમિક શાળાના બાળકોને રાષ્ટ્રીય વાહકજન્ય રોગ વિશે સમજાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડો. રાજુભાઈ કથીરીયા, આર.બી.એસ.કે. એમ. ઓ., તમામ સ્ટાફ, એમ.પી. એચ.ડબલ્યુ., એફ.એચ.ડબલ્યુ, આશાબહેનોએ આ કામગારી કરી હતી.

# જુનાસાવર પ્રા. આરોગ્ય કેન્દ્ર ખાતે વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી

### ગ્રામજનોને મેલેરીયા રોગ વિશે માહિતગાર કરવામાં આવ્યા



અમરેલી,તા.૨૫

સમગ્ર દેશમાં વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણીના ભાગરૂપે જુના સાવર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ગામના સરપંચ કલ્પેશભાઈ કાનાણીની ઉપસ્થિતિમાં મેડિકલ ઓફિસર રામપ્રસાદ, સુપરવાઈઝર ઈલ્યાસભાઈ રાઠોડના માર્ગદર્શન હેઠળ એમ. પી.એચ.ડબલ્યુ.ના વિનોદભાઈ સાગઠીયા અને એફ.એચ.ડબલ્યુ. ના એન.ડી. મકવાણા દ્વારા ગામના લોકોને તથા સ્કૂલમાં મેલેરીયા વિશે સમજણ આપવામાં આવી હતી. ગ્રામજનોને મેલેરીયાથી થતા નુકસાન અને મેલેરીયા રોગથી બચવાના ઉપાયો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા સ્કૂલના બાળકોને ગપ્પી ફિશ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
હાઈડ્રોલીક લીફ્ટ નંગ – ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

## ગ્રામ્ય વિસ્તારોમાં કોંગ્રેસના ઉમેદવારને અભૂતપૂર્વ આવકાર

# જેનીબેન ઠુમ્મરનો ખાંભા, ધારી તથા બગસરામાં જોરશોરથી પ્રચાર





અમરેલી,તા.૨૫

અમરેલી લોકસભાના કોંગ્રેસ ઉમેદવાર જિલ્લાનો પ્રવાસ ખેડી રહ્યાં છે. કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુમ્મરને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં અદ્‌ભુત આવકાર મળી રહ્યો છે. આજરોજ જેનીબેન ઠુમ્મર ખાંભા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રવાસ ખેડી રહ્યાં છે. જયાં ગ્રામજનોએ જેનીબેન ઠુમ્મરને ફુલડે વધાવી જીત માટેના આશીર્વાદ આપ્યા હતા. ખાંભા તાલુકાના મોટા બારમણ, ડેડાણ, ધારગણી, ધારી, ભાડેર, હામાપુર, જુના વાઘણીયા, સરાકડીયા અને જામકા ગામના સ્થાનિક રહીશો અને ઈન્ડિયા ગઠબંધનના કાર્યકરો સાથે સંવાદ કર્યો હતો. જેનીબેન ઠુમ્મરે પોતાના પ્રવાસમાં ગ્રામજનોને સંબોધન કરતા જણાવ્યુ કે આગામી દિવસોમાં કોંગ્રેસ ઈન્ડિયા ગઠબંધનની સરકાર આવશે તો ૩૦ લાખ સરકારી નોકરીઓની ભરતી કરવામાં આવશે. અને તેમાં ૫૦% મહિલાઓને અનામત આપવામાં આવશે. અમરેલી જિલ્લામાં ધારી તાલુકો અને તેના ગ્રામ્ય વિસ્તારની મુખ્ય આવક ખેતી છે. ત્યારે આ વિસ્તારના ખેડૂતોને પાક વિમો અને ખેતીની ઉપજ પર પૂરતો ભાવ મળે અને કપાસ અને મગફળી સહિતના પાકમાં ખેડૂતોને સારા ભાવ મળે અને ખેડૂતોના પરિવારનો સર્વાંગી વિકાસ થાય તે અમારી પ્રાથમિકતા છે. ધારી પંથકના ગ્રામ્ય વિસ્તારમાં રસ્તા અને કોઝવે સહિતના પ્રશ્નો છે જેના કારણે લોકોને અને ખેડૂતોને મુશ્કેલી પડે છે તે દૂર કરવાનો અમારો પ્રયાસ રહેશે. તેમજ જેનીબેન ઠુમ્મરે વધુમાં જણાવ્યું હતું કે આંબાના બગીચા ધરાવતા ખેડૂતોને સરકાર વિમા કવચ પુરૂ પાડે તેવી અમારી માંગણી છે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે જણાવ્યુ કે બહેનો પણ ઘરે બેઠા મદદરૂપ થઈ શકે તે માટે ગૃહ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવુ જોઈએ. આ ઉપરાંત કેન્દ્રમાં ઈન્ડિયા ગઠબંધનની સરકાર આવશે તો ખેડૂતો માટે જણસીના ભાવની મીનીમમ ગેરંટી એટલે એમ.એસ.પી.ની કાનૂની ગેરંટી, ખેડૂતોને દેવા માફી, ખેડૂતોને બિયારણ, દવા અને ખેતીના સંસાધનોમાં જી.એસ.ટી.માંથી મુકિત, બહેનો માટે ગરીબ પરિવારની મુખ્ય બહેનને વાર્ષિક રૂ.૧ લાખ અને સરકારી નોકરીમાં ૫૦% આરક્ષણ, મજૂરો માટે મનરેગા અંતર્ગત થતા રાહતકામોમાં રૂા.૪૦૦ સુધી રોજી આપવામાં આવશે. જેનીબેન ઠુમ્મર સાથે પ્રવાસમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, પૂર્વ પ્રમુખ ડી.કે. રૈયાણી, સુરેશભાઈ કોટડીયા, કાંતિભાઈ સતાસિયા, પ્રદીપભાઈ કોટડીયા, મનીષભાઈ ભંડેરી, રમણીકભાઈ બાળધા, દિલીપભાઈ સતાસીયા, લાલજીભાઈ ચોવટીયા, રવિભાઈ, હિરેનભાઈ ધારી તાલુકા પંચાયત, જગદીશભાઈ તળાવિયા, જગદીશભાઈ પાનસેરીયા, અશોકભાઈ ચાવડા, ચંપુભાઈ, વિશાલભાઈ માલવીયા, ચલાલા શહેર, પ્રતાપભાઈ વાળા, ગભરૂભાઈ વાળા, કાળુભાઈ શેઠ, ધીરુભાઈ મકવાણા, રાહુલભાઈ હરખાણી, સગરભાઈ મકવાણા વગેરે કોંગ્રેસના આગેવાનો તથા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્ર અપાયા

# સાવરકુંડલાની સરકારી પ્રાથમિક કન્યા શાળા નંબર બેમાં ત્રિવિધ કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા,તા.૨૫

સાવરકુંડલા શહેરમાં મણીભાઈ ચોક પાસે આવેલ બ્રાંચ શાળા નંબર બે કન્યા શાળામાં ત્રિવિધ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધોરણ ત્રણથી આઠની વિદ્યાર્થિનીઓની વાર્ષિક પરીક્ષા શરૂ થતા મોં મીઠું કરાવી ચાંદલો કરી અને પેન, પેન્સિલ અને પરીક્ષા ઉપયોગી કિટ આચાર્યા અને એસ.એમ.સી. કમિટી દ્વારા અર્પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત જે વિદ્યાર્થિનીઓને એ અને બી ગ્રેડ આવ્યા હતા તેમને સી.આર.સી. અને આચાર્યા દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

## અમરેલી જીલ્લામાં વધુમાં વધુ મતદાન થાય તે માટે

# ભેરાઈ પ્રાથમિક શાળા ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

### હાજર રહેલા અધિકારીઓએ મતદાન જાગૃતિ માટેના શપથ લેવડાવ્યા


તસ્વીર : ગોપાલ રાઠોડ

અમરેલી,તા.૨૫

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪માં અમરેલી જીલ્લામાં વધુમાં વધુ મતદાન થાય તે માટે જીલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા દ્વારા વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત રાજુલા તાલુકાની ભેરાઈ પ્રાથમિક શાળા ખાતે ચુનાવ પાઠશાળાનું આયોજન કરી મહિલાઓનું મતદાન વધે અને મતદાન અંગેની જાગૃતિ આવે તે માટેના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં હાજર અધિકારીઓ દ્વારા તમામ મહિલાઓ અને લોકોને મતદાન જાગૃતિ અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ ભગુભાઈ નકુમ અને માધવીબેન જોષી દ્વારા મતદાન જાગૃતિ માટેના શપથ લેવડાવ્યા હતા.

આ કાર્યક્રમમાં તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.નિલેશભાઈ કલસરીયા, શાળાના આચાર્ય અરશીભાઈ જાલોંધરા, તલાટી કમ મંત્રી ભગુભાઈ નકુમ, બી.એલ.ઓ., આરોગ્ય અને આંગણવાડી સ્ટાફ તેમજ વાલાભાઈ રામ અને આતુભાઈ રામ સહિતના ગામલોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ‘અબ કી બાર ૪૦૦ પાર’ ધારાસભ્ય મહેશ કસવાળાની ગ્રામ્ય વિસ્તારોમાં બેઠક


## ભાજપના ઉમેદવારને જંગી લીડથી ચૂંટી કાઢવા ગ્રામજનોને આહ્વાન



સાવરકુંડલા,તા.૨૫

આગામી સમયમાં લોકસભાની ચૂંટણી યોજાવાની છે ત્યારે સાવરકુંડલા તાલુકાના હાડીડા, દાધીયા, વણોટ, ઘાંડલા, ચિખલી, ભમ્મર, દેતડ, કાનાતળાવ, હાથસણી ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના અધ્યક્ષસ્થાને ચૂંટણી મિટિંગ મળી હતી. આ મિટિંગમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્ર સેવામાં સમર્પિત થઈ દુનિયામાં કેડી કંડારવાનું કામ કર્યુ છે. પ્રધાનમંત્રી મોદી ત્રીજી વાર દેશના સારથી બનવા જઈ રહ્યાં છે જેથી આવનારી ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાને જંગી બહુમતીથી ચૂંટી કાઢી પ્રધાનમંત્રીના હાથ મજબૂત કરવા ગ્રામજનોને અપીલ કરી હતી. આ બેઠકમાં માર્કેટિંગ યાર્ડના ચેરમેન દિપકભાઈ માલાણી, સાવરકુંડલા તાલુકા ભાજપ અધ્યક્ષ જીવનલાલ વેકરીયા, જિલ્લા પંચાયત સદસ્ય લાલભાઈ મોર, તાલુકા ભાજપ અગ્રણી લલીતભાઈ બાળધા, આહિર સમાજના આગેવાન દેવાયતભાઈ બલદાણીયા, રાઘવભાઈ સાવલિયા, મનુભાઈ ડાવરા, સરપંચ સહિતના આગેવાનો જોડાયા હતા.


KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી



એડમિશન ચાલુ છે
ધો. ૧૦ અને ૧૨ પછી સરકારી નોકરી અપાવતા કોર્ષ
SI
ફાયર સેફ્ટી
ANM
GNM
BSC
PBSC
D.PHARM
SC ST વિદ્યાર્થીને સ્કોલરશીપ
ધો. ૧૦, ૧૨ નાપાસ વિદ્યાર્થી NIOS બોર્ડ માં પરીક્ષા આપી ઉજવળ ભવિષ્ય બનાવો
વધુ માહિતી માટે
અમરેલી, ભાવનગર, ગાંધીનગર, જૂનાગઢ, અમદાવાદ
LAKSHYA
લક્ષ્ય એજ્યુકેશન અમરેલી
7043819956
lakshyaeducationamreli@Gmail.com
https://lakshyaeducation.org.in/



સંકુલ KG થી ધો. ૫ કન્યા કુમાર - બન્ને મિડીયમ પ્રવેશ
ઈંગ્લીશ મિડીયમ સવાર - ગુજરાતી મિડીયમ બપોર
★ ડેઈલી ફ્રી નાસ્તો – અધ્યતન વર્ગખંડ – સેપરેટ કમ્પાઉન્ડ – વ્યાજબી ફીજ
★ KG થી ધો. ૫ – All સ્ટાફ BA-B.Ed. ઈંગ્લીશ અથવા B.Sc.-B.Ed.
★ ત્રિ માસિક – છ માસિક – નવ માસિક – વાર્ષિક પરિક્ષા – ધો. ૧ થી ૫ ડેઈલી ટેસ્ટ
★ ખેલકૂદ – સાહિત્ય કલા – ગીત સંગીત – સાંસ્કૃતિક & 31st ની સ્પર્ધાઓ
★ હાફ ડે પીકનીક – વન ડે ટુર – સેમીનાર – DG-RG-IG – ઈ લર્નિંગ – ડેમોલેબ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ - Ad 012



વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail: kanpariyavipul4025@gmail.com



દરેક પ્રકારના વોટરકૂલર, ડીપફ્રીઝ, બોટલ કૂલર, વિઝીકૂલર બનાવનાર....
SINCE 1990






: ઓર્થો.ડીલર:
Haier | VOLTAS | Rockwell | HI-FROST | BLUE STAR
તુલસી રેફ્રીજરેશન
છૂટક તેમજ હોલસેલ ખરીદવા માટે.....
દુ. ૬/૭– ઓપેરા હાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી. મો. ૯૪૨૬૨૮૭૦૯૭






AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS
Visit us at: voltasbeko.com | Follow us at | @VoltasBeko | Voltas Beko | Voltas Beko | VoltasBeko 24 X 7 Customer Care No: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wecare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy online at: www.voltas.com
Visit us at www.myvoltas.com To locate your nearest store, log on to: www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 4555, 9650694555 For product registration, SMS <WTA> to 9289525321 Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas My Voltas My Voltas Voltas Limited My Voltas
વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

# મતદાન બાદ ધારી તાલુકાના મતદાતાઓને વિવિધ રેસ્ટોરન્ટ અને ભોજન ગૃહમાં વળતરનો લાભ મળશે

## વધુમા વધુ મતદાન કરવા માટે વહીવટી તંત્રએ અનુરોધ કર્યો

અમરેલી, તા.૨૫

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત વધુમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. વધુમાં વધુ મતદાન



જાગૃત્તિ અર્થે ધારી તાલુકાના વિવિધ રિસોર્ટ અને હોટેલ માલિક, મેડિકલ, કાપડ અને ડાયમંડ એસોસિએશન સાથે ધારી પ્રાંત અને મદદનીશ ચૂંટણી અધિકારીના અધ્યક્ષ સ્થાને ધારી ખાતે બેઠક યોજાઈ હતી. તા.૦૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન બાદ મતદાતા તા.૦૮ મે, ૨૦૨૪ સુધી ધારી તાલુકાના વિવિધ રિસોર્ટ ખાતે મતદાન કર્યાનું નિશાન બતાવી લિયોનિયા રિસોર્ટ-ધારી, લેકવ્યુ રિસોર્ટ-ધારી ખાતે ગ્રાહક તરીકે ૭ ટકા ડિસ્કાઉન્ટનો લાભ લઈ શકે છે. મતદાતાઓએ મતદાન બાદ એક માસ સુધી ૭ ટકા વળતર આપવા માટે ધારીના પટેલ ડાયનીંગ હોલના માલિકે પણ તૈયારી બતાવી હતી.

# આદસંગ અને નાની કુંકાવાવ ગામ ખાતે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો

અમરેલી તા.૨૫

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત વધુમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય અને નાગરિકોમાં મતદાન માટે જાગૃતિ આવે તે માટે સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન(SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત મતદારોમાં મતદાન



અંગેની જાગૃતિ પ્રસરાવવાની કામગીરી શરુ છે. અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના નાની કુંકાવાવ ગામ ખાતે ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) નોડલ અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાના અધ્યક્ષસ્થાને "ચુનાવ પાઠશાળા" કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ચૂંટણી ફરજ પરના અધિકારી-કર્મચારીઓ અને મહિલાઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવી મહત્તમ મતદાન માટે અપીલ કરવામાં આવી હતી. ગ્રામજનોએ અચૂક મતદાનના શપથ લીધા હતા. સાવરકુંડલા તાલુકાના આદસંગ ગામે ચુનાવ પાઠશાલા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મતદારોને તથા તેમના પરિવાર અને આસપાસના મતદારોને મતદાન માટે અનુરોધ કરવા જણાવવામાં આવ્યું હતું.

# અમરેલી જિલ્લામાંથી પીધેલી હાલતમાં વાહન ચલાવતાં ૭ ઝડપાયા

અમરેલી, તા.૨૫

કેફી પીણું પીને વાહન ચલાવવું ગુનો હોવાનું જાણતાં હોવા છતાં કેટલાક લોકો આમ કરીને અન્ય લોકોની જિંદગી જોખમમાં મૂકે છે. સાવરકુંડલામાંથી બે, માણેકવાડા ચેકપોસ્ટ, ભોરીંગડા ચેકપોસ્ટ, વાઘણીયા, મોટા દેવળીયા ચેકપોસ્ટ, કોટડાપીઠા ચેકપોસ્ટ અને જાફરાબાદ ટાઉનમાંથી એક-એક ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં વાહન ચલાવતા ઝડપાયા હતા.

જિલ્લામાંથી પાંચ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

# લીલીયા મોટા ખાતે વેલનાથ તિથિ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા યોજાઈ

લીલીયા, તા.૨૫

લીલીયા મોટા ખાતે ચુંવાળીયા કોળી સમાજ દ્વારા વેલનાથ બાપુની તિથિની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવે છે. જેમાં ખોડિયાર મંદિરથી સંતશ્રી વેલનાથ બાપાની તિથિ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી અને શહેરના મુખ્ય માર્ગો પર ડીજેના તાલ સાથે અને



જય વેલનાથના નાદ સાથે શહેરની બજારોમાં ફરી હતી. યાત્રા રૂટ ઉપર પાણી તેમજ શરબતની વ્યવસ્થા કરવામાં આવી હતી. પીપળવા રોડ પર આવેલી વેલનાથ વાડી ખાતે યાત્રાનું સમાપન કરી ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત, અમરેલીથી કોંગ્રેસના લોકસભા ઉમેદવાર જેનીબેન ઠુંમર સહિતના રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ચક્કરગઢના પાટીયા પાસે એસટી ડ્રાઈવર રીક્ષાને ટક્કર મારી નાસી ગયો

અમરેલી, તા.૨૫

અમરેલીમાં ચક્કરગઢ ગામના પાટીયા પાસે રોડ ઉપર એક એસટી ડ્રાઈવર રીક્ષાને ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે અમરેલીમાં રહેતા હુસેનભાઈ કાળુબાઈ બેલીમ (ઉ.વ.૩૬)એ એસટી બસ નંબર જીજે-૧૮-ઝેડટી-૧૪૯૯ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ચાલકે એસટી બસ પૂરઝડપે ચલાવી રીક્ષાને પાછળથી ટક્કર મારી હતી. જેમાં તેના હાથ-પગના ભાગે ઈજા પહોંચી હતી. ટક્કર મારી એસટી ચાલક ફરાર થઈ ગયો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.જે.ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભલીયા ગામની સીમમાં આવેલા નેવડામાંથી જુગાર રમતાં ૬ ખેલી પકડાયા

## એક જુગારી પોલીસને થાપ આપી ફરાર થઈ ગયો

રાજુલા, તા.૨૫

રાજુલાના ખાંભલીયા ગામની સીમમાં આવેલા નેવડામાં ભરબપોરે ગોળ કુંડાળુ વળીને જુગાર રમતાં ઈસમો પર પોલીસ ત્રાટકી હતી. જેમાં છ રંગેહાથ ઝડપાયા હતા, જ્યારે એક શખ્સ પોલીસને થાપ આપી ફરાર થવામાં સફળ રહ્યો હતો. પોલીસે કુલ ૧૫,૩૧૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે નીજામશા વલીશા સુમરા, કાદરશા અલારખશા કનોજીયા, સલીમશા અલારખશા કનોજીયા, ભાવેશભાઈ શીશાભાઈ વાણીયા, હરેશભાઈ ચીથરભાઈ મકવાણા, અનિલભાઈ બાબુભાઈ કાતરીયાને દબોચી લીધા હતા. હિતો ભોળાભાઈ જાલોધરા ફરાર થઈ ગયો હતો. પોલીસે સ્થળ પરથી રોકડા ૧૫,૩૧૦ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.એસ.બસીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# પતિ સાથે ઝઘડો થતાં પત્નીએ ગળાફાંસો ખાધો

રાજુલા, તા.૨૫

રાજુલા પંથકમાં એક મહિલાને તેના પતિ સાથે ઝઘડો થતાં લાગી આવ્યું હતું અને ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા. બનાવ અંગે ગોપાલભાઈ ભીખાભાઈ શીયાળ (ઉ.વ.૩૩)એ જાહેર કર્યા મુજબ, હાલ ભેરાઈ ખાતે રહેતા ચાંચ પાટડા વિસ્તારના શાંતાબેન ગુજરીયા (ઉ.વ.૩૧)ની પુત્રીને ગાલપચોળા થતા તેમના પતિ રાજુલા દવાખાને ગયા હતા. ત્યાંથી રાજુલા તેમના બેન જાહેર કરનારને ત્યાં ગયા હતા અને ત્યાં જમી પરવારતા રાતના દસેક વાગતા મોડું થતા ઘરે આવતા તેના પતિ સાથે ઝઘડો થયો હતો. જે કારણે લાગી આવતા પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.બી.ઝીંઝાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલા શહેરના સેવાભાવી યુવકનું લોકોએ સન્માન કર્યું

રાજુલા, તા.૨૫

સેવા અનેક પ્રકારની હોય છે ત્યારે રાજુલા શહેરમાં એક યુવાન જે રાજુલા શહેરમાં મૂંગા પશુ પક્ષીઓને સતત પાંચ વર્ષથી પાણી પીવરાવવાનું કામ કરે છે તેનું સન્માન કરવામાં આવ્યું હતું.

રાજુલા શહેરમાં પોલીસ સ્ટેશનના સામેના ખાંચામાં ફ્રુટની લારી ચલાવી ફ્રુટનો ધંધો



કરતો અલીરજા શાબાનઅલી લાખાણી ચિકુવાલા તરીકે ઓળખાતા યુવાનની સેવાની કદર રૂપે સ્થાનિક વેપારીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: ત્રીજ
તા. ૨૬-૦૪-૨૦૨૪, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૪૪,
સૂર્યાસ્ત-૦૬:૫૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અનુરાધા

# દૈનિક રાશિફળ

**તા.૨૬-૦૪-૨૦૨૪ શુક્રવાર**

મેષ: ઘરમાં મહેમાનો આવવાથી વાતાવરણ સુખમય રહેશે. ઘરના વડીલ વ્યક્તિઓની સલાહથી સમસ્યાઓનું સમાધાન મળી શકશે.

વૃષભ: વડીલોના આશીર્વાદ અને માર્ગદર્શન તમારા ભાગ્યમાં વધારો કરશે. ઘરમાં કોઇ માંગલિક આયોજનને લગતા કાર્યો સંપન્ન થઇ શકે છે.

મિથુન: સમાજ અને પરિવારમાં તમારું માન-સન્માન વધશે. ભાઇઓ સાથે ચાલી રહેલો કોઇ વિવાદ પણ પૂર્ણ થશે તથા સંબંધ ફરી મધુર થઇ જશે.

કર્ક: કોઇ અટવાયેલા રૂપિયા આવી જવાથી ચિંતા દૂર થશે. જમીન-જાયદાદનું કોઇ કામ અટવાયેલું છે તો આજે તેના પૂર્ણ થવાની સંભાવના છે.

સિંહ: છેલ્લાં થોડા સમયથી વ્યવસાયિક સ્થળમાં કરેલાં ફેરફારથી આ સમયે સારું પરિણામ મળશે. તમને સફળતા ચોક્કસ મળશે.

કન્યા: કોઇપણ ડીલ કે લેવડ-દેવડને લગતા કાર્યોમાં વધારે સાવધાની રાખો. આજે તમે તમારી દિનચર્યા તથા વ્યવહારમાં થોડું પરિવર્તન લાવશો.

તુલા: કાર્યક્ષેત્રમાં વ્યવસાયિક ગતિવિધિઓ થોડી ધીમી રહેશે. આજનો દિવસ મહત્ત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરવા માટે ખૂબ જ સર્વોત્તમ રહેશે.

વૃશ્ચિક: મિત્રો અને પરિવારના લોકો સાથે થોડા મનોરંજનને લગતા પ્રોગ્રામ બનશે. ઘરમાં રિનોવેશનને લગતી થોડી યોજના બનશે.

ધન: વ્યવસાય કે નોકરીને લગતો કોઇપણ મહત્ત્વપૂર્ણ નિર્ણય જાતે જ લો. તમારી સમજદારી દ્વારા લેવામા આવેલ નિર્ણય તમારી આર્થિક સ્થિતિને વધારે સારી કરી શકે છે.

મકર: વ્યવસાયિક ક્ષેત્રમાં થોડા મામલાઓ ગુંચવાઇ શકે છે. સંબંધીઓ તથા પાડોશીઓ સાથે સંબંધોમાં વધારે મધુરતા આવશે.

કુંભ: થોડા મહત્ત્વપૂર્ણ કામ બની જવાથી રાહતનો અનુભવ થશે. તમારો આત્મવિશ્વાસ વધશે.

મીન: સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. તમારી સફળતાનો ભરપૂર ઉપયોગ કરો. થોડો સમય બાળકો તથા ઘરની સમસ્યાઓનો ઉકેલ લાવવામાં પસાર થશે.

# સાવરકુંડલા તાત્કાલિક હનુમાન ખાતે હનુમાન જયંતીની ઉજવણી

સાવરકુંડલા,તા.૨૫

સાવરકુંડલા ગાયત્રી મંદિર પાસે આવેલ તાત્કાલિક હનુમાનજી આશ્રમ ખાતે હનુમાનજી મહારાજનો પ્રાગટ્ય મહોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. જેમાં હજારો શ્રદ્ધાળુઓની ઉપસ્થિતિમાં આયુર્વેદિક સર્વરોગ નિદાન અને સારવાર તેમજ આયુર્વેદ દવા વિતરણ કેમ્પ સાવરકુંડલા તાલુકા પંચાયત



કચેરી અને નગરપાલિકા કચેરી તેમજ વહીવટી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ દરમિયાન સાવરકુંડલા તાલુકામાંથી હાજર ૨૫૦૦ જેટલા લોકોને મતદાન માટે શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત આશ્રમ દ્વારા ૬૫૩ માટીના કુંડા અને ૫૫૭ પક્ષીઓના માળા, ચકલીઘરનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે સર્વરોગ નિદાન કેમ્પમાં ૩૧૯ દર્દી નારાયણની વિનામૂલ્યે સારવાર અને જરૂરી આયુર્વેદિક દવાઓ વિનામૂલ્યે આપવામાં આવી હતી. અંતે સંધ્યા કાળે હનુમાનજીની આરતી કરવામાં આવી ત્યારબાદ હજારો ભાવિકોએ એક સાથે બેસીને મહાપ્રસાદ લીધો હતો.

# નાળ ગામે વંડા પોલીસે ૪ શકુનીના પાસા અવળા પાડ્યા

## પોલીસે જુગારીઓ પાસેથી રૂ.૨૧૧૦ની રોકડ રકમ જપ્ત કરી

સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલાના નાળ ગામેથી વંડા પોલીસે ચાર જુગારીને રોકડા ૨૧૧૦ સાથે ઝડપી લીધા હતા. મુન્નાભાઈ ભોજાભાઈ સાપાવાડીયા, ધર્મેશભાઈ ચંદુભાઈ ખંઢેલા, પ્રવિણભાઈ વિઠ્ઠલભાઈ ખંઢેલા, જીવાભાઈ રાણાભાઈ ભુવાને જાહેરમાં ગંજીપત્તાના પાના તથા પૈસા વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા રોકડા રૂ.૨૧૧૦ સાથે ઝડપી લીધા હતા. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સી.એમ. ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

# શેખ પીપરીયા ગામે ગેરકાયદે રેતી ખનનનો ગુનો નોંધાયો

અમરેલી, તા.૨૫

અમરેલીના શેખ પીપરીયા ગામના ઉપ સરપંચ સામે ખાણ ખનીજ વિભાગે ગુનો નોંધ્યો છે. અમરેલી ભુસ્તરશાસ્ત્રની કચેરીના માઈન્સ સુપરવાઈઝર ભગીરથસિંહ ગીરવાનસિંગ ગોહિલ (ઉ.વ.૩૧)એ શેખ પીપરીયા ગામના તપાસમાં ખુલેલ તમામ સામે પાસ પરમીટ વગર ગેરકાયદેસર કુલ ૮૫૨૧ મેટ્રીક ટન માટીના જથ્થાનું ખોદકામ કરી રૂ.૧૪,૯૧,૧૭૫ તેમજ સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ ગાંધીનગરનાં ઠરાવ મુજબ રૂ.૬,૧૧,૨૯૭ સરકારી તિજોરીને નુકસાન પહોંચાડ્યાની ફરિયાદ નોંધાવી હતી.

# જિલ્લામાં ૨૨ ઈસમો પાસેથી ૨૮૬ લીટર દેશી દારૂ પકડાયો

## અમરેલી સિટીમાંથી વિદેશી દારૂની ૨૪ બોટલ ઝડપાઈ

અમરેલી, તા.૨૫

અમરેલી જિલ્લામાં પાંચ મહિલા સહિત ૨૨ ઈસમો પાસેથી ૨૮૬ લીટર પીવાનો દેશી દારૂ જપ્ત કરાયો હતો. અમરેલીમાં મોટા કસ્બાવાડમાંથી ઈમરાન પોપટીયા (ઉ.વ.૪૦) નામના ઈસમ પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨૪ બોટલ મળી આવી હતી.

પોલીસે ૯૦૦૦ રૂપિયાનો પ્રોહિબીશન મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.વી.લંગાળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# નાનાભમોદ્રા ગામે સુખીયા હનુમાન મંદિરે હનુમાન જયંતીની ઉજવણી

સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલાના નાના ભમોદ્રા ગામ ખાતે અમૃતવેલ રોડ પર આવેલા ખારાનો ઢોરો ખાતે બિરાજતા સુખીયા હનુમાન દાદાના મંદિરે હનુમાન જયંતીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. હનુમાન દાદાના દર્શન કરવા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા અને ધન્યતા અનુભવી હતી. પ્રવિણભાઈ સવજીભાઈ ખુંટ, બાલાભાઈ પીપળીયા, ગોરધનભાઈ છગનભાઈ ખુંટ



દોઢ-બે મહિનાથી આ પાવન જગ્યાને રળિયામણી બનાવવા મહેનત કરતા હતા. હનુમાન જયંતીના અવસરે અમદાવાદ અને સુરતથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

**તંત્રી લેખ**

# રાષ્ટ્રનો અમૂલ્ય જ્ઞાન વારસો પરત લવાશે

ભારતના અનેક હસ્તલિખિત ગ્રંથો ભૂતકાળમાં નષ્ટ કરવામાં આવ્યા હતા. નાલંદા અને તક્ષશિલા જેવી મહાવિદ્યાપીઠોના જ્ઞાન ભંડાર બાળી નાખવામાં આવ્યા હતા પરંતુ જે જે ગ્રંથો સચવાયેલા છે તે મોટાભાગે ભારતમાં ઓછા પણ જર્મની, ફ્રાન્સ, બ્રિટન અને અમેરિકા જેવા દેશોમાં છે. જૈન ધર્મના ૨૦૦૦ કરતા વધુ હસ્તલેખિત ગ્રંથો બ્રિટનમાં સચવાયેલા છે તેને ભારતમાં લાવવાના પ્રયાસોને સફળતા મળી છે. ભારતનો જ્ઞાન વારસો વિદેશમાં સચવાયેલો છે. આપણા સદીઓ જુના હસ્તલિખિત ગ્રંથો જર્મની, બ્રિટન જેવા દેશોની અંદર સચવાયેલા છે તેને સ્વદેશ લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે આમાં એક મહત્વની વસ્તુ એ છે કે જૈન ધર્મની ૨૦૦૦ કરતા વધારે દુર્લભ હસ્તપ્રતોને પરત મેળવવા માટે ૨૦ વર્ષથી પ્રયાસો થઈ રહ્યા હતા તેને સફળતા મળી છે અને તેનો યશ ઈન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજીને ફાળે જાય છે. અતિ દુર્લભ ગણાય તેવી જૈન ધર્મની હસ્તપ્રતો બ્રિટનના વેલકમ ટ્રસ્ટ ફાઉન્ડેશન દ્વારા હાલ સાચવવામાં આવી રહી છે તેને પરત લાવવામાં આવશે. વાઈબ્રન્ટ ગુજરાત માત્ર વેપાર ઉદ્યોગ માટે જ નહીં પરંતુ ઉદારતા અને માનવતા માટે પણ જાણીતું છે. અહિંસા, માનવતાનું સૌથી મોટું સ્વરૂપ સૌ પ્રથમ જૈન તીર્થંકર દ્વારા અમલમાં લાવવામાં આવ્યું હતું. તેમના અનુયાયીઓની સૌથી વધુ સંખ્યા ગુજરાતમાં જોવા મળે છે. અહિંસાને જીવનશૈલી બનાવનારા લોકોમાં સૌથી મોટું નામ મહાત્મા ગાંધીનું છે. દલાઈ લામાએ પણ આ વાત સ્વીકારી છે. ગુજરાત દેશના મુખ્ય રાજ્યોમાંનું એક છે. ગુજરાતમાં પાલીતાણા જૈન ધર્મનું સૌથી મોટું તીર્થ છે આ સિદ્ધ ક્ષેત્ર છે આ સિદ્ધ ક્ષેત્રની નજીક સોનગઢમાં પણ જૈન ધર્મના ખૂબ મોટા પ્રમાણમાં ધાર્મિક કાર્યો થઈ રહ્યા છે આ ઉપરાંત અયોધ્યાપુરમ પણ ભાવનગરની ધાર્મિક ભાવનામાં વધારો કરે છે. ભાવનગરના ધાર્મિક દેરાસરોમાં સતત કોઈને કોઈ જૈન ધર્મને લગતા સરસ મજાના કાર્યો થઈ રહ્યા છે. દાદા સાહેબ જેવા દેરાસર મોટા દેરાસર સહિતના તીર્થોમાં લોકો ધર્મ પ્રત્યે વધુ વળી રહ્યા છે. જૈન ધર્મના કારણે શાકાહાર તરફ વળનારા લોકોની સંખ્યા વધુ છે અને આમાં સૌથી મોટો ફાળો જૈન સમુદાયનો રહ્યો છે. તેમાં બીજી કડી ઉમેરવાનું કામ અમદાવાદના વતની ડૉ.જસવંત મોદી અને ઈન્સ્ટિટ્યુટ ઑફ જૈનોલોજી દ્વારા કરવામાં આવ્યું છે. ડો.મોદી અને તેમની ટીમે લંડન મ્યુઝિયમમાં રખાયેલી ૧૦૦ વર્ષ જૂની ૨૦૦૦થી વધુ અત્યંત દુર્લભ હસ્તપ્રતોના અધિકારો મેળવ્યા છે. લંડનના વેલકમ ટ્રસ્ટ ફાઉન્ડેશને ભારતના વિવિધ સ્થળોથી આ સ્ક્રિપ્ટો સાચવી રાખી હતી. તેને મેળવવાની પ્રક્રિયા છેલ્લા ૨૦ વર્ષથી ચાલી રહી હતી. આ હસ્તપ્રતો (હેન્ડસ્ક્રિપ્ટ) રાખવા માટે વ્યવસ્થા કર્યા બાદ તેને ભારતમાં લાવી શકાશે. અમેરિકામાં વસતા ડૉ.મોદી આ વર્ષે અહિંસા એવોર્ડથી સન્માનિત થયા છે. અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજમાં ભણેલા જસવંત મોદીને અહિંસા એવોર્ડ મળ્યો છે. ડૉ.જસવંત મોદી મેડિકલનો અભ્યાસ કર્યા પછી અમેરિકા ગયા હતા. જસવંત મોદી ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ છે. જે મહાત્મા ગાંધીના જન્મદિવસ પર ઉજવવામાં આવે છે. ડૉ.મોદી પહેલા નેલ્સન મંડેલા, દલાઈ લામા અને પ્રિન્સ ચાર્લ્સ આ એવોર્ડ મેળવી ચૂક્યા છે. ડૉ. મોદીએ જણાવ્યું હતું કે, આ હસ્તપ્રતોને વિશેષ વાતાવરણમાં રાખવામાં આવી છે. જેથી તેને લાંબા સમય સુધી સુરક્ષિત રાખી શકાય. અમે સ્ક્રિપ્ટના અધિકારો મેળવી લીધા છે. જેથી દેશમાં રહેતા વિદ્વાનો તેના પર સંશોધન કરી શકે.

# દરિયાઈ શેતાનો જેવા હુથી આતંકીઓ વિશ્વની ઈકોનોમીને પ્રભાવિત કરે છે




**પ્રાસંગિક**
સુરેશ દેસાઈ

આ દરિયાઈ આતંકવાદીઓ વિશ્વના અનેક દેશોના વેપાર ઉદ્યોગ પર વિપરીત અસર નાખી રહ્યા છે. હુથી આતંકીઓ ઈરાનની કટ્ટરવાદી સરકારે પેદા કરેલું પાપ છે. યમનમાં પોતાનું શાસન સ્થાપવા મથતા હુથી આતંકીઓની ચળવળનું સત્તાવાર નામ અંસાર અલ્લાહ છે. ઈરાન શિયા મુસ્લિમોનો સૌથી મોટો દેશ છે અને દુનિયાભરમાં શિયા મુસ્લિમોનો પ્રભાવ વધે એ માટે મથે છે. તેના ભાગરૂપે સુન્ની મુસ્લિમોના પ્રભુત્વવાળા દેશોમાં શિયા મુસલમાનોનાં હાથમાં હથિયાર પકડાવીને સુન્નીઓ સામે લડાવે છે. લેબેનોન અને સીરિયામાં વર્ચસ્વ ધરાવતા હીઝબુલ્લાહ સહિતનાં સંગઠનો આ રીતે ઈરાને જ ઉભા કર્યાં છે. અંસાર અલ્લાહ પણ એવું જ સંગઠન છે કે જે ૧૯૯૦ના દાયકામાં અસ્તિત્વમાં આવ્યું. હુથી ઝૈદી શિયાઓની બહુમતી ધરાવતો યમનનો આદિવાસી કબિલો છે. ઈરાને આ કબિલાના નેતા હુસૈન અલ-હુથીને ૧૯૯૦ના દાયકામાં યમનના તત્કાલિન પ્રમુખ અલી અબ્દુલ્લાહ સાલેહ સામે ઉભો કરી દીધેલો. સાલેહ સાઉદી અરેબિયા અને અમેરિકાનો પીઠ્ઠુ હોવાનો દાવો કરીને હુથીઓએ આંદોલન શરૂ કરી દીધું. સાલેહે આંદોલનને દબાવવા ૨૦૦૪માં હુસૈનને લશ્કરના હાથે મરાવ્યા પછી ભડકેલા હુથીઓએ હથિયાર ઉઠાવીને યમન પર કબજો કરવા જંગ છેડી દીધો. હુસૈનનો ભાઈ અબ્દુલ- મલિક અલ-હુથી આ ચળવળનો નેતા છે. હુથીઓ ચળવળને ચાલુ રાખવા અપરહણોથી માંડીને ડ્રગ્સના કારોબાર સુધીનું બધું કરે છે. આ કારણે તેમને માફિયા જ ગણવામાં આવે છે. હુથી આતંકીઓના હુમલાની અસર અત્યારથી વર્તાવા માંડી છે. અમેરિકા અને યુકેએ હુથી આતંકીઓનાં ડ્રોન ઈઝરાયલમાં કંઈ નુકસાન કરે એ પહેલાં જ તેમને ઉડાવી દીધાં પણ આ હુમલાને કારણે દુનિયાભરની શિપિંગ કંપનીઓ ફફડી ગઈ છે. ડેન્માર્કની એપી મોલ્લેર-મર્સેક અને જર્મનીની હાપાગ-લાઈડ દુનિયાની બે સૌથી મોટી શિપિંગ અને કન્ટેઈનર ટ્રાન્સપોર્ટ કંપનીઓ છે. આ બંને કંપનીએ લાલ સમુદ્રમાં જહાજો નહીં મોકલવાનું એલાન કરી દીધું છે. બીજી શિપિંગ કંપનીઓ પણ તેમને અનુસરશે તેથી લાલ સમુદ્રમાંથી માલ-સામાનની હેરફેર સાવ ઠપ્પ થઈ જાય એવા અણસાર છે. છેલ્લા બે મહિનાથી વધારે સમયથી ચાલતા ઈઝરાયલ વર્સીસ હમાસના યુધ્ધમાં હુથી આતંકીઓએ મોટાં કોમર્શિયલ જહાજોને નિશાન બનાવવા માંડતાં નવો ટ્વિસ્ટ આવ્યો છે. હુથી આતંકીઓએ ઈઝરાયલના ઐલાત બંદર અને બાબ-એલ-મેડદેબ પર સ્ટ્રેઈટ ડ્રોન એટેક કરીને મોટાં કોમર્શિયલ જહાજોને ફૂંકી મારવાનો પ્રયત્ન કરતાં દુનિયાનો વેપાર મોટા પ્રમાણમાં ઠપ્પ થઈ જવાનો અને ક્રૂડ ઓઈલના ભાવ ભડકે બળવા માંડે એવો ખતરો પેદા થઈ ગયો છે. દુનિયાભરના દેશો ક્રૂડ ઓઈલ માટે આ રસ્તા પર નિર્ભર છે. આ રસ્તો બંધ થાય એ કોઈને પરવડે તેમ નથી તેથી પોતાનાં ઓઈલ ટેંકરોને બચાવવા માટે ભારત, ચીન અને નાટોના દેશો પોતાના સૈનિકોને આ વિસ્તારમાં મોકલે એવી પણ શક્યતા વ્યક્ત થઈ રહી છે. ઈરાનના ઈશારે કામ કરતા હુથી આતંકીઓ હુમલા બંધ કરવાના નથી એ જોતાં ધીરે ધીરે આ યુધ્ધમાં બીજા દેશો પણ સામેલ થાય ને અંતે ઈઝરાયલ-હમાસનું યુધ્ધ વિશ્વ યુદ્ધ બની જાય એવો ખતરો તોળાઈ રહ્યો હોવાનું પણ નિષ્ણાતો માને છે. હુથી આતંકીઓએ પહેલાં પણ કોમર્શિયલ જહાજોને નિશાન બનાવીને હુમલા કરેલા, જહાજો કબજે કરીને અપહરણ કરેલાં પણ એ નાનાં નાનાં જહાજો હતાં. તેમણે હવે મોટાં જહાજોને નિશાન બનાવીને મોટા પાયે ડ્રોનથી હુમલા કરવા માંડયા છે. હુથીઓએ હુંકાર કર્યો છે કે, ઈઝરાયેલ પેલેસ્ટાઈન છોડીને નહીં જાય ત્યાં સુધી હુમલા ચાલુ રહેવાના છે. આ હુમલાના જવાબમાં યમન પર હુમલા કરાશે તો તેનો પણ આ જ ભાષામાં જવાબ મળશે. અમેરિકા સહિતના દેશો યમન, સીરિયા વગેરે દેશોમાં દૂરથી દખલ કરે છે પણ સીધું આક્રમણ નથી કરતા. હુથીઓ આક્રમણ ચાલુ રાખે તો તેમને સાફ કરવા અમેરિકાએ યમન પર હુમલો પણ કરવો પડે. એ સંજોગોમાં એક નવો મોરચો ખૂલે ને દુનિયામાં અશાંતિ વધે એ કહેવાની જરૂર નથી. સામાન્ય રીતે બે દેશોના યુદ્ધમાં વ્યાપારને અસર ના થાય તેનું ધ્યાન રખાતું હોય છે અને કોમર્શિયલ જહાજોને નિશાન નથી બનાવાતાં. માફિયા મનાતા હુથી આતંકીઓએ આ લક્ષ્મણરેખા ઓળંગી દેતાં ઈઝરાયલ પણ એ જ ભાષામાં જવાબ આપીને ઈરાન તથા હમાસને મદદ કરતા બીજા દેશોનાં જહાજોને નિશાન બનાવી ઈઝરાયલ અને હમાસનું યુધ્ધ બંનેના કબજાવાળા વિસ્તારો પૂરતું મર્યાદિત ન બની રહેતાં દરિયામાં ફેલાશે અને કલ્પના ના કરી હોય એવી દહેશત ફેલાવશે એવાં ખરાબ એંધાણ જણાઈ રહ્યાં છે. આતંકીઓનાં ડ્રોન ઈઝરાયલમાં કંઈ નુકસાન કરે એ પહેલાં જ તેમને ઉડાવી દીધાં. હુથી આતંકીઓના હુમલાની અસર અત્યારથી વર્તાવા માંડી છે. અમેરિકા અને યુકેએ હુથીના કારણે દુનિયાભરની શિપિંગ કંપનીઓ ફફડી ગઈ છે. ડેન્માર્કની એપી મોલ્લેર-મર્સેક અને જર્મનીની હાપાગ-લોયડ દુનિયાની બે સૌથી મોટી શિપિંગ અને કન્ટેઈનર ટ્રાન્સપોર્ટ કંપનીઓ છે. આ બંને કંપનીએ રેડ સીમાં પોતાની બધી કામગીરી બંધ કરીને જહાજો નહીં મોકલવાનું એલાન કરી દીધું છે. બીજી શિપિંગ કંપનીઓ પણ તેમને અનુસરશે તેથી રેડ સીમાંથી માલ- સામાનની હેરફેર સાવ ઠપ્પ થઈ જાય એવા અણસાર છે. હુથી આતંકીઓએ બાબ-એલ- મનદેબ સ્ટ્રેઈટને નિશાન બનાવીને હુમલા શરૂ કર્યા છે. બાબ-એલ- મનદેબ સ્ટ્રેઈટ (પટ્ટી) રેડ સી અને ગલ્ફ ઓફ એડનને જોડતી પટ્ટી છે કે જે અમુક ઠેકાણે તો માત્ર ૨૮ કિલોમીટર પહોળી હોવાથી માંડ બે જહાજ પસાર થઈ શકે. આ પટ્ટી વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વની છે કેમ કે હિંદ મહાસાગર અને મેડિટેરેનિયન (ભૂમધ્ય સમુદ્ર)ને સુએઝ કેનાલ અને રેડ સી મારફતે જોડતી કડી છે.

ભૂમધ્ય સમુદ્રના કાંઠે યુરોપના દેશો છે જ્યારે હિંદ મહાસાગરના કાંઠે ભારત સહિતના એશિયાના દેશો છે. આ દેશોમાં માલસામાનની હેરફેરમાં આ પટ્ટી સૌથી મહત્વની છે. દર વરસે આ પટ્ટીમાંથી ૧ ટ્રિલિયન ડોલરનો માલ પસાર થાય છે. આ પટ્ટીની એક તરફ યમન છે ને બીજી તરફ સોમાલિયા સહિતના આફ્રિકાના દેશો છે. રેડ સી અને ગલ્ફ ઓફ એડનને જોડતી આ સાંકડી પટ્ટીમાંથી દુનિયામાં પહોંચતા ક્રૂડ ઓઈલનો ૧૦ ટકા જથ્થો પસાર થાય છે. હુમલાના કારણે જહાજ બંધ થઈ જશે તેથી ક્રૂડ ઓઈલની હેરફેર બંધ થઈ જશે અને ક્રૂડના ભાવ ભડકે બળશે એ પણ નક્કી છે. ભારતમાં આવતા ક્રૂડનાં તોતિંગ ટેન્કર પણ આ જ રસ્તે આવે છે તેથી ભારતમાં પણ પેટ્રોલ-ડીઝલની અછત સર્જાય ને ભાવ આસમાને પહોંચી જાય. ખાડીના દેશોએ યુરોપીયન બજારને ક્રૂડ ઓઈલ પહોંચાડવા માટે સુમેદ પાઈપલાઈન નાંખી છે. આ પાઈપલાઈન બાબ-એલ- મનદેબ સ્ટ્રેઈટમાંથી પસાર થાય છે. હુથીના હુમલામાં આ ૩૨૦ કિલોમીટર લાંબી પાઈપલાઈનને નુકસાન થાય તો યુરોપના દેશોને આરબ દેશો પાસેથી મળતું ક્રૂડ ઓઈલ બંધ થઈ જાય. બાબ-અલ-મનદેબ યુરોપ અને એશિયાને જોડતા દરિયાઈ માર્ગમાં વચ્ચે આવે છે. તેના કારણે ક્રૂડ જ નહીં પણ બીજી ચીજવસ્તુઓ તથા માલ-સામાનની હેરફેર પણ આ માર્ગે થાય છે. જહાજો જ ના જાય તો આ હેરફેર બંધ થઈ જાય તેથી ભારત સહિતના એશિયાના દેશો અને યુરોપના દેશો મળીને દુનિયાના મોટા ભાગના દેશોમાં ચીજવસ્તુઓની અછત સર્જાય ને તેના કારણે ભાવ ભડકે બળશે. ઈઝરાયલ-હમાસના કારણે દુનિયાની ઈકોનોમી પર મોટી અસર પડી રહી છે એના કરતાં પણ વધુ તકલીફ દરિયાઈ વ્યાપારને આ દરિયાઈ ચાંચિયાઓ દ્વારા પડી છે જેને નષ્ટ કરવા વિશ્વ સમુદાયે એક થવું પડશે. જોકે તેનો પ્રારંભ ઈરાન પરના હુમલાથી થઈ ચૂક્યો છે.

## શબ્દ સંજોગ-૧૭૯૧



**આડી ચાવી :**
(૧) ભારતનું એક રાજય (૪)
(૪) તર્ક, વિચાર (૨)
(૭) એક ધાન્ય (૩)
(૯) સહાયતા, મદદ(આ-અ) (૩)
(૧૦) એક જાતનો તાલ (૩)
(૧૧) ઘસાવુ તે, ઘસારો (૩)
(૧૨) આખા ઘામાંથી એક કાગળ (૨)
(૧૩) મોંથી પવન ફેંકવો તે (૨)
(૧૪) જોડું (૩)
(૧૬) મત, સંપ્રદાય (૩)
(૧૭) સૃષ્ટિ, વિશ્વ (૩)
(૧૮) હંમેશા (૨)
(૧૯) અવાજ (૨)
(૨૨) સ્વીકાર (૧)
(૨૩) ચાળા, નખરાં (૨)
(૨૫) પીડા, આપદા (૩)
(૨૭) ટાઢક, નિરાંત (૨)
(૨૮) આંટો, ફેરો (૩)
(૨૯) કાંસીજોડાં, ઝાંઝ (૪)

**ઉભી ચાવી :**
(૧) ધમધોકાર, બહુ સારી રીતે (૪)
(૨) મીઠી ટીકા, વક્રોકિત (૩)
(૩) પદવી, દરજ્જો (૨)
(૫) એક કંદ (૩)
(૬) દૂરથી સંભળાય તેવો ઘન સ્વર (૪)
(૮) રામ (૩)
(૧૨) લાગ, યોગ્ય સમય (૨)
(૧૩) નસકોરું (૩)
(૧૪) જમાનો (૨)
(૧૫) ગયેલુ (૨)
(૧૬) પશું કે પંખીમાં સ્ત્રી જાત (૨)
(૧૭) ભારતની એક નદી (૩)
(૨૦) ગુજરાતનું એક યાત્રાધામ (૪)
(૨૧) કબૂલાત, ઠરાવ (૩)
(૨૪) અકે ચોઘડિયું (૨)
(૨૬) કીડી ને...ને હાથીને મણ (અ) (૨)
(૨૭) શાંતિ (૨)

## શબ્દ સંજોગ-૧૭૯૦ જવાબ

**આડી ચાવી :** (૧) અમીનજર (૫) વહેર (૮) ગણવેશ (૯) મંદ (૧૦) ભૂપ (૧૨) ભાત (૧૩) તિથિ (૧૪) સ્વરકાર (૧૭) કવિ (૧૯) ખેરાત (૨૧) જયારે (૨૩) વાંક (૨૪) શ્વાન (૨૬) લમસમ (૨૯) સમાન (૩૧) વાયરો (૩૩) જવ (૩૪) રોટલી.
**ઉભી ચાવી :** (૧) અનુભૂતિ (૨) નગ (૩) જણ (૪) રવેવિરખે (વેરવિખેર) (૬) હેમંત (૭) રદ (૧૧) પથિક (૧૨) ભારત (૧૫) કારાવાસ (૧૬) ષટક (૧૮) વિજયા (૨૦) વિશ્વાસ (૨૨) રેલ (૨૫) નમાજ (૨૭) મપારો (૨૮) મવાલી (૩૦) નવ (૩૨) રોડું.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૨૦ | ૧૫૭૦ |
| ઘઉં લોકવન | ૪૭૫ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૪૯૮ | ૫૫૮ |
| જુવાર સફેદ | ૬૭૦ | ૭૮૭ |
| જુવાર લાલ | ૮૦૦ | ૮૮૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૬૦ |
| બાજરી | ૩૮૦ | ૪૫૦ |
| તુવેર | ૧૮૦૦ | ૨૪૩૬ |
| ચણા પીળા | ૧૦૯૦ | ૧૨૨૫ |
| ચણા સફેદ | ૧૫૫૦ | ૨૨૪૦ |
| અડદ | ૧૬૦૦ | ૧૯૦૦ |
| મગ | ૧૫૯૦ | ૧૯૬૧ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| ચોળી | ૨૫૬૫ | ૩૩૧૧ |
| મઠ | ૧૦૦૦ | ૧૨૨૫ |
| વટાણા | ૧૩૦૦ | ૧૯૦૦ |
| સીંગદાણા | ૧૫૮૦ | ૧૬૭૫ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૩૧૦ |
| મગફળી જીણી | ૧૧૨૦ | ૧૨૪૫ |
| તલી | ૨૨૦૦ | ૨૬૦૦ |
| સુરજમુખી | ૪૫૦ | ૧૦૮૦ |
| એરંડા | ૧૦૦૫ | ૧૦૯૭ |
| અજમો | ૧૭૦૦ | ૨૩૦૦ |
| સુવા | ૯૫૦ | ૧૩૦૧ |
| સોયાબીન | ૮૫૧ | ૮૭૩ |
| સીંગફાડા | ૧૧૬૦ | ૧૫૬૫ |
| કાળા તલ | ૨૮૬૦ | ૩૧૫૫ |
| લસણ | ૧૨૫૦ | ૩૧૧૧ |
| ધાણા | ૧૩૭૫ | ૧૯૮૦ |
| મરચા સુકા | ૯૦૦ | ૨૭૦૦ |
| ધાણી | ૧૩૭૫ | ૨૨૫૧ |
| વરીયાળી | ૯૦૦ | ૧૬૦૦ |
| જીરૂ | ૩,૭૫૦ | ૪,૪૫૦ |
| રાય | ૧૧૨૦ | ૧,૩૮૦ |
| મેથી | ૯૫૦ | ૧૩૫૦ |
| ઇસબગુલ | ૧૮૦૦ | ૨૨૫૦ |
| કલોંજી | ૩૪૦૦ | ૩૯૦૧ |
| રાયડો | ૮૮૦ | ૯૮૫ |
| રજકાનું બી | ૩૪૦૦ | ૪૦૦૦ |
| ગુવારનું બી | ૯૯૦ | ૧૦૨૫ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૭૦૦ |
| શક્કરટેટી | ૩૦૦ | ૫૦૦ |
| તરબુચ | ૨૦૦ | ૩૫૦ |
| બટેટા | ૩૬૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૯૦ |
| ટમેટા | ૨૦૦ | ૪૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૪૫૦ |
| શક્કરિયા | ૨૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૫૦ | ૩૨૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૧૮૦ | ૩૬૦ |

| | | |
|---|---|---|
| ભીંડો | ૩૫૦ | ૭૦૦ |
| ગુવાર | ૫૫૦ | ૮૫૦ |
| ચોળાસીંગ | ૭૦૦ | ૯૮૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૧૪૦ | ૨૬૦ |
| કારેલા | ૩૬૦ | ૫૫૦ |
| સરગવો | ૨૭૦ | ૩૬૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૫૦ |
| પરવર | ૭૦૦ | ૯૫૦ |
| કાકડી | ૨૪૦ | ૩૮૦ |
| ગાજર | ૧૦૦ | ૨૬૦ |
| વટાણા | ૯૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૧૮૦ | ૨૫૦ |
| બીટ | ૧૬૦ | ૨૮૦ |
| મેથી | ૩૦૦ | ૪૫૦ |
| ડુંગળી લીલી | ૨૩૦ | ૪૫૦ |
| આદુ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૬૦૦ |
| લસણ લીલું | ૨૫૦૦ | ૩૨૦૦ |
| મકાઇ લીલી | ૧૫૦ | ૩૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૬૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૩૦ | ૪૮૦ |
| રીંગણાં | ૪૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૧૪૦ | ૨૦૦ |
| કોબીજ | ૧૫૦ | ૧૯૦ |
| શક્કરિયા | ૪૨૦ | ૫૨૦ |
| ટામેટા | ૨૫૦ | ૩૩૦ |
| સુરણ | ૧૬૦૦ | ૧૩૦૦ |
| ગાજર | ૧૮૦ | ૨૩૦ |
| દૂધી | ૩૦૦ | ૪૦૦ |
| કરેલા | ૫૧૦ | ૬૧૦ |
| ગલકા | ૩૦૦ | ૫૧૦ |
| ગુંદા | ૩૦૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૨૦૦ |
| ગુવાર | ૪૨૦ | ૮૨૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ચોળાશીંગ | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| પાકી કેરી | ૧૮૧૦ | ૨૦૧૦ |
| ભીંડો | ૩૩૦ | ૫૩૦ |
| આદુ | ૨૪૧૦ | ૨૬૧૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૫૧૦ | ૬૧૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૧૫૦ | ૨૦૦ |
| ગરમર | ૬૦૦ | ૭૦૦ |
| સરગવો | ૨૫૦ | ૩૫૦ |
| લીમડો મીઠો | ૧૨૦ | ૧૭૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સૂકી | ૧૨૦ | ૩૪૦ |
| લસણ લીલું | ૨૫૦૦ | ૩૦૦૦ |
| લસણ સૂકું | ૨૦૨૦ | ૨૮૨૦ |

| | | |
|---|---|---|
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૬૪૦ | ૧૮૪૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૯૬૫ | ૧૫૨૪ |
| શિંગ મઠડી | ૧૦૯૨ | ૧૨૦૭ |
| શિંગ મોટી | ૧૦૫૦ | ૧૨૦૬ |
| શિંગ ફાડા | ૧૨૧૨ | ૧૫૬૨ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૭૧૮ |
| તલ કાળા | ૧૭૦૦ | ૩૧૨૫ |
| તલ કાશ્મીરી | ૨૭૦૦ | ૩૦૦૦ |
| બાજરો | ૩૦૦ | ૪૬૫ |
| જુવાર | ૪૦૦ | ૮૧૦ |
| ઘઉં ટુકડા | ૪૪૪ | ૬૬૧ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૬૦૦ |
| મકાઇ | ૫૦૦ | ૫૬૨ |
| ચણા | ૯૩૨ | ૧૨૨૧ |
| ચણા દેશી | ૧૦૦૦ | ૧૪૦૪ |
| તુવેર | ૧૧૦૦ | ૨૧૭૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૮૦ |
| જીરું | ૨,૮૪૦ | ૪,૩૫૫ |
| રાયડો | ૮૦૦ | ૯૩૧ |
| રાઈ | ૯૦૦ | ૧૦૪૦ |
| ગમ ગુવાર | ૮૯૦ | ૯૨૫ |
| ધાણા | ૧૧૩૦ | ૧૭૭૦ |
| ધાણી | ૧૨૩૫ | ૨૦૦૦ |
| અજમા | ૨૩૭૦ | ૨૪૨૦ |
| મેથી | ૭૦૦ | ૯૭૦ |
| સોયાબીન | ૭૪૦ | ૮૬૯ |
| મરચા લાંબા | ૬૩૦ | ૩૫૫૦ |
| **બાબરા** | | |
| તુવેર | ૧૪૭૦ | ૧૮૦૦ |
| ઘઉં | ૪૪૨ | ૫૮૮ |
| ચણા | ૧૧૬૫ | ૧૨૧૫ |
| જીરૂ | ૩૮૨૫ | ૪૨૭૫ |
| મેથી | ૯૧૦ | ૯૮૦ |
| એરંડા | ૯૯૫ | ૧૦૫૫ |
| ધાણા | ૧૪૭૦ | ૧૫૫૦ |
| મગફળી | ૧૧૪૫ | ૧૧૬૫ |
| **સાવરકુંડલા** | | |
| સોયાબીન | ૮૦૦ | ૮૨૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૧ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૨૩૦ |
| મગફળી જાડી | ૮૪૪ | ૧૨૭૧ |
| તલ | ૨૪૮૦ | ૨૭૫૧ |
| તલ કાળા | ૨૬૦૦ | ૨૮૧૧ |
| જીરૂ | ૩,૦૦૦ | ૪,૩૧૦ |
| ઘઉં | ૪૨૫ | ૫૩૭ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૧ |
| બાજરો | ૩૫૦ | ૪૫૦ |
| જુવાર | ૪૭૦ | ૮૮૧ |
| ચણા | ૧૧૨૫ | ૧૨૨૬ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૩૫૦ |
| તુવેર | ૧૬૭૫ | ૨૧૨૨ |
| એરંડા | ૯૦૦ | ૧૦૯૦ |

| | | |
|---|---|---|
| મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ધાણા | ૧૧૫૧ | ૧૭૫૧ |
| વરિયાળી | ૧૭૧૮ | ૧૭૧૮ |
| અજમો | ૨૬૦૦ | ૨૬૦૦ |
| **ધારી** | | |
| બાજરો | ૩૩૬ | ૪૫૦ |
| મગફળી | ૯૨૩ | ૧૧૧૨ |
| ઘઉં | ૪૫૦ | ૫૦૯ |
| ચણા | ૧૧૪૦ | ૧૧૯૫ |
| તુવેર | ૧૭૧૭ | ૧૯૮૦ |
| ધાણા | ૧૩૦૬ | ૧૩૭૦ |
| મેથી | ૧૦૧૧ | ૧૦૧૧ |
| એરંડા | ૧૦૭૮ | ૧૦૭૮ |
| અડદ | ૧૫૦૫ | ૧૫૦૫ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૨૫ |
| જીરૂ | ૪,૦૦૦ | ૪,૦૦૦ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| **મહુવા** | | |
| કપાસ શંકર | ૧૧૯૧ | ૧૩૮૦ |
| એરંડા | ૯૫૯ | ૧૦૫૯ |
| જુવાર | ૩૭૦ | ૯૩૬ |
| બાજરી | ૩૫૧ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૪૩૩૨ | ૬૭૭ |
| અડદ | ૩૭૦ | ૯૦૧ |
| મગ | ૫૦૦ | ૧૮૫૨ |
| સોયાબીન | ૮૧૮ | ૮૫૦ |
| ચણા દેશી | ૧૩૦૦ | ૧૩૧૨ |
| તલ સફેદ | ૨૫૬૨ | ૨૬૭૨ |
| તુવેર | ૧૨૫૪ | ૨૩૦૫ |
| જીરૂ | ૪૯૮૦ | ૪૯૮૦ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૩૩૬ |
| ડુંગળી સફેદ | ૨૩૧ | ૨૮૭ |
| નાળીયેર | ૩૬૨ | ૧૬૯૯ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૯૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૮૫ |
| તુવેર | ૧૮૦૦ | ૨૧૦૦ |
| મગફળી | ૯૦૦ | ૧૧૮૦ |
| સીંગફાડા | ૧૨૦૦ | ૧૪૫૦ |
| મેથી | ૮૦૦ | ૧૧૦૦ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૨૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૬૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૪૦ |
| જુવાર | ૬૪૦ | ૭૧૦ |
| બાજરો | ૩૫૦ | ૪૯૦ |
| ઘઉં | ૩૫૦ | ૫૨૫ |
| તુવેર | ૧૭૫૦ | ૨૧૭૫ |
| મેથી | ૮૦૦ | ૧૧૩૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ચણા સફેદ | ૧૭૦૦ | ૨૧૮૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૨૨૦ |
| મગફળી જાડી | ૯૫૦ | ૧૨૬૦ |

| | | |
|---|---|---|
| એરંડા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| રાયડો | ૮૦૦ | ૯૯૫ |
| રાઈ | ૧૦૦૦ | ૧૨૭૫ |
| લસણ | ૧૧૦૦ | ૩૧૦૦ |
| જીરૂ | ૨,૧૨૫ | ૪,૫૦૫ |
| અજમો | ૨૨૩૦ | ૩૧૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૭૫૦ |
| ડુંગળી સૂકી | ૬૦ | ૨૩૫ |
| ઈસબગુલ | ૧૪૫૦ | ૨૨૮૦ |
| સોયાબીન | ૮૩૦ | ૮૬૫ |
| રાજમા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં | ૪૭૦ | ૬૧૬ |
| ઘઉં ટુકડા | ૪૪૬ | ૬૪૧ |
| કપાસ | ૧૧૫૧ | ૧૫૦૧ |
| મગફળી જીણી | ૯૧૧ | ૧૪૦૬ |
| મગફળી જાડી | ૮૬૧ | ૧૩૬૬ |
| શીંગ ફાડા | ૧૧૫૦ | ૧૫૫૧ |
| એરંડા | ૮૨૧ | ૧૧૨૧ |
| તલ | ૧૮૦૦ | ૨૮૫૧ |
| જીરૂ | ૩૨૦૧ | ૪,૪૫૧ |
| ઈસબગુલ | ૫૫૧ | ૧૪૨૧ |
| કલંજી | ૨૬૫૧ | ૩૯૧૧ |
| વરિયાળી | ૬૭૬ | ૧૨૪૧ |
| ધાણા | ૧૧૦૧ | ૧૮૭૬ |
| ધાણી | ૧૨૦૧ | ૨૨૦૧ |
| મરચા | ૬૫૧ | ૨૩૦૧ |
| મરચાસૂકા પટ્ટો | ૫૫૧ | ૫૦૦૧ |
| લસણ | ૯૯૧ | ૩૬૮૧ |
| ડુંગળી | ૮૧ | ૩૦૧ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૨૪૦ |
| બાજરો | ૩૮૧ | ૪૧૧ |
| જુવાર | ૬૭૧ | ૭૩૧ |
| મગ | ૧૭૨૬ | ૧૯૮૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૨૨૧ |
| વાલ | ૫૦૧ | ૧૯૫૧ |
| અડદ | ૮૫૧ | ૧૯૦૧ |
| ચોળા/ચોળી | ૧૫૦૧ | ૧૫૦૧ |
| મઠ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| તુવેર | ૧૦૦૧ | ૨૩૩૧ |
| સોયાબીન | ૮૦૦ | ૮૯૧ |
| રાયડો | ૯૩૧ | ૧૦૨૧ |
| રાઈ | ૯૫૧ | ૧૧૫૧ |
| મેથી | ૬૦૦ | ૧૨૪૧ |
| સુવા | ૫૭૬ | ૯૫૧ |
| ગોગળી | ૮૦૧ | ૧૦૧૧ |
| કાંગ | ૯૯૧ | ૯૯૧ |
| વટાણા | ૧૧૦૧ | ૧૧૧૧ |
| ચણા સફેદ | ૧૨૦૧ | ૨૧૦૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૫૫ | ૧૪૭૭ |
| જીરૂ | ૩૪૦૦ | ૪૧૦૦ |
| ચણા | ૧૧૭૧ | ૧૧૮૪ |
| બાજરી | ૪૦૦ | ૪૦૦ |
| ધાણા | ૧૩૦૩ | ૧૩૦૩ |

| | | |
|---|---|---|
| એરંડા | ૧૦૦૦ | ૧૦૪૨ |
| મેથી | ૯૦૦ | ૯૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૫૦ | ૧૪૨૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૯૫ |
| જુવાર | ૪૫૦ | ૪૯૧ |
| રાય | ૯૫૦ | ૧૦૦૧ |
| રાયડો | ૮૦૦ | ૮૩૨ |
| ચણા સફેદ | ૧૨૫૦ | ૧૩૦૦ |
| તુવેર | ૧૫૫૦ | ૧૭૦૧ |
| બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| ઘઉં લોકવન | ૩૭૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૪૯૫ |
| મગફળી | ૮૦૦ | ૮૨૫ |
| ધાણા | ૯૪૦ | ૧૩૫૦ |
| સીંગફાડા | ૧૩૫૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૨૫૦ |
| અડદ | ૯૫૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૨૦ |
| લસણ | ૧૫૯૫ | ૨૦૨૫ |
| મકાઈ | ૪૫૦ | ૫૪૦ |
| મેથી | ૯૨૯ | ૧૦૩૧ |
| ધાણી | ૧૩૦૦ | ૧૩૮૧ |
| **રાજુલા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૧૦ |
| મગફળી | ૯૩૫ | ૧૧૮૨ |
| તલ | ૨૨૫૧ | ૨૬૭૬ |
| તલ કાળા | ૧૮૦૧ | ૨૮૧૧ |
| બાજરો | ૪૨૧ | ૫૨૮ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૨૬ |
| જુવાર | ૬૫૦ | ૭૮૫ |
| તુવેર | ૧૮૫૦ | ૧૮૬૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| જીરૂ | ૪૫૦૧ | ૪૫૦૧ |
| વરિયાળી | ૨૫૦૧ | ૨૫૦૧ |
| અજમો | ૨૦૦૦ | ૨૦૦૦ |
| સુવા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૮૪૪ | ૮૪૫ |
| **કોડીનાર** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૦૦ |
| મગફળી જી-૨૦ | ૧૧૪૭ | ૧૩૧૯ |
| મગફળી ૩૨ નં. | ૧૧૨૦ | ૧૨૫૪ |
| બાજરો | ૪૦૦ | ૫૨૭ |
| ઘઉં | ૪૭૦ | ૫૭૦ |
| રાઈ | ૧૧૨૦ | ૧૧૯૨ |
| રાયડો | ૯૨૦ | ૯૮૨ |
| જુવાર | ૬૦૦ | ૮૦૮ |
| મગ | ૧૨૫૦ | ૧૯૧૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૯૦ |
| ચણા | ૧૧૨૦ | ૧૨૨૪ |
| તલ | ૨૦૦૦ | ૨૫૪૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૦૯૦ |
| સોયાબીન | ૮૨૫ | ૮૯૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૩૮૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**મામલતદાર સહિતના અધિકારીઓને રહેવા માટે એકપણ સરકારી મકાન ઉપલબ્ધ નથી**

# વડિયામાં સરકારી ક્વાર્ટર ભૂત બંગલા સમાન

વડિયા,તા.૨૫

વડિયા ગ્રામીણ તાલુકા મથક છે. હાલ મોટા ભાગની તાલુકાની કચેરીઓ વડિયામાં આવેલી છે તેમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ પોતાની ફરજ બજાવે છે ત્યારે વડિયામાં કર્મચારીઓને રહેવા માટે કોઈ સુવિધા ના હોવાથી સ્થાનિક કચેરીઓમાં નોકરી કરતા કર્મચારીઓ હાલાકીનો સામનો કરવા મજબુર બન્યા છે. વડિયામાં ધાર પર માર્ગ અને મકાન વિભાગ હસ્તકના સરકારી ક્વાર્ટર અને મામલતદારના ક્વાર્ટર ભૂતકાળમાં કર્મચારીઓ અને અધિકારીઓ માટે ખુબ ઉપયોગી હતા અને સુવિધાઓ પૂર્ણ હતા જે હાલ જર્જરિત અને રહેવા લાયક ના હોવાથી છેલ્લા ચાર વર્ષથી તેમાં વસવાટ કરતા કર્મચારી પરિવારો પાસેથી ખાલી કરાવવામાં આવ્યા છે. તેના ચાર વર્ષથી પણ વધુ સમય વીતવા છતાં આ ઈમરતો હાલ જર્જરિત હાલતમાં ભૂત બંગલા સમાન અડીખમ ઉભા છે ત્યારે સ્થાનિક સરકારી ઓફિસોમાં



ફરજ પર આવતા કર્મચારી અને મામલતદાર માટે કોઈ સરકારી વ્યવસ્થા ઉપલબ્ધ ના હોવાથી અને વિકાસ વિહોણા વિસ્તારના કારણે વડિયામાં ફરજ પર નિમણૂક પામતા સરકારી કર્મચારીઓને ગામમાં કોઈ મકાન ભાડે શોધવા ફરજ પડી રહી છે. હાલ વડિયામાં સ્લેબવાળા મકાનોની ઉણપ હોવાથી સ્થાનિક કર્મચારીઓ તાપમાં પરિવાર સાથે શેકાવા મજબુર બનતા વડિયા એ સરકારી નોકરી માટે સજાના કેન્દ્ર સમાન બની ચૂક્યું છે. રહેઠાણ, શિક્ષણ, આરોગ્ય જેવી પાયાની સુવિધાઓના અભાવે કર્મચારીઓ સ્થાનિક વસવાટ કરવાને બદલે અપડાઉન કરવા મજબુર બને છે. મામલતદારનું ક્વાર્ટર પણ ત્યાં જ આવેલુ છે તે પણ અતિ જર્જરિત હોવાથી મામલતદાર પણ ગામમાં ભાડાના મકાનમાં રહેવા મજબુર બન્યા છે. આ બંને ઈમારતો હાલ પણ ચાર વર્ષથી ભૂત બંગલા સમાન અડીખમ ઉભી છે. ત્યારે સરકારી કર્મચારીઓ કાયમી વડિયામાં વસવાટ કરી પોતાની નિષ્ઠા સાથે ફરજ બજાવે તે માટે આ સરકારી બહુમાળી ઈમારત અને મામલતદારના ક્વાર્ટર ફરી નવા બનાવવા જરૂરી બને છે. સરકારી અધિકારીઓ આ બાબતે રજૂઆત કરી શકે તેમ નથી ત્યારે રાજકિય નેતાઓ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓની મુશ્કેલી સાંભળી યોગ્ય કાર્યવાહી કરે તે જરૂરી બન્યુ છે.

# બગસરામાં હનુમાન જયંતીએ દશાંશ હોમ યજ્ઞ યોજાયો



અમરેલી,તા.૨૫

બગસરાના મારૂતિનગર વિસ્તારમાં સંઘ પ્રેરિત હનુમાન ચાલીસા કેન્દ્રને એક વર્ષ પૂર્ણ થતા હનુમાન ચાલીસા કેન્દ્ર સાથે જોડાયેલા સોસાયટીના રહેવાસીઓ દ્વારા હનુમાન જયંતી નિમિત્તે યજ્ઞનું આયોજન કરી એક દશાંશ હોમ, કુટુંબ પ્રબોધન તથા સમૂહપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લીલીયા તાલુકાના સંઘચાલક તથા જિલ્લા કુટુંબ પ્રબોધન સંયોજક અજયભાઈ માઢક તથા નગર કુટુંબ પ્રબોધન સંયોજક વિપુલભાઈ પાથરની ઉપસ્થિતિ રહી હતી. આ યજ્ઞમાં ૮૨ લોકોએ લાભ લીધો હતો.

# ચલાલા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

અમરેલી,તા.૨૫

ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ચલાલા ખાતે આગામી તા.૦૮-૦૫-૨૦૨૪ બુધવારના રોજ ૨૬૬મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જિલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોક્ટરોની ટીમ સેવા આપશે. આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે. દર્દીઓએ આધારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી. દંતયજ્ઞમાં દાંતના તમામ રોગો જેવા કે દાંત કાઢવા, ચાંદી પૂરવી વગેરેની સારવાર વિનામૂલ્યે કરવામાં આવશે. સર્વરોગ કેમ્પમાં તમામ પ્રકારના રોગો જેવા કે શ્વાસ, હરસ, મસા, ડાયાબીટિસ, પેટના રોગો, વાના રોગો વગેરેની સારવાર કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવશે.આ કેમ્પનો જરૂરીયાતમંદ દર્દીઓ લાભ લે તેવો અનુરોધ કરવામાં આવ્યો છે.

# કેશોદમાં રહેણાંક મકાનમાંથી ૨૮૮ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

કેશોદ,તા.૨૫

લોકસભાની ચૂંટણીને લઈ એસપી દ્વારા ગેરકાયદેસર થતી પ્રવૃત્તિઓને ડામવા સૂચના આપવામાં આવી હતી. જેને લઈ કેશોદ પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારે કેશોદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર અનિરુદ્ધસિંહ ગોહિલ અને તેમનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે શિવશક્તિ સોસાયટીમાં રહેતા મેરગ કડછા નામના વ્યક્તિએ તેના મકાનમાં ઈંગ્લિશ દારૂનો જથ્થો છુપાવેલ છે. બાતમીના આધારે કેશોદ પોલીસ દ્વારા મેરગ કડછાના મકાનમાં રેડ કરતા ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. કેશોદ પોલીસે મેરગ કડછાના મકાનમાંથી ૨૮૮ બોટલ કુલ કિંમત રૂ.૧,૨૭,૨૩૦, એક મોબાઈલ મળી કુલ રૂ.૧,૩૦,૩૨૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

**બાતમીના આધારે પોલીસે કાર્યવાહી કરી**

# મહુવાથી કિશોરીને પોરબંદર ભગાડી જનાર રાજુલાનો શખ્સ ઝડપાયો

સગીરા અને આરોપીને પકડી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી

પોરબંદર ,તા.૨૫

અપહરણ/ગુમ થયેલ ભોગ બનનાર તથા આરોપીને શોધી કાઢવા માટે પોરબંદર પોલીસે કરેલ કામગીરી અંતર્ગત તેઓને માહિતી મળેલ કે, ભાવનગર જિલ્લાના ખુંટવડા પોલીસ સ્ટેશને અપહરણનો ગુનો નોંધાયેલ હોય જે ગુનાના કામે ફરિયાદીની સગીર વયની દીકરી તથા તેને અપહરણ કરનાર આરોપી ઈન્દીરાનગર રામદેવપીરના મંદિરની બાજુમાં રોડ પર ઉભેલ હોય જે હકીકત આધારે કોન્સ્ટેબલ દક્ષાબેન ગીજુભાઈને સાથે રાખી સદરહુ જગ્યાએ તપાસ કરતા આ કામના ભોગ બનનાર સગીર વયની દીકરી તથા તેનું અપહરણ કરનાર આરોપી ગણપત વનુભાઈ ગુજરીયા (ઉવ.૨૬, રહે.ચાંચબંદર તા.રાજુલા જી.અમરેલી) મળી આવતા આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરિત ડો. હેડગેવાર સમિતિ દ્વારા**

# ધો. ૬ થી ૧૦ના પાઠ્યપુસ્તકના વિનિમય મેળાનું આયોજન કરાયુ

અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં પરીક્ષાઓ પૂર્ણ થઈ ગઈ છે. આવનારા સત્રમાં વિદ્યાર્થીઓને પુસ્તકો ખરીદવા ન પડે તે માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરિત ડો.હેડગેવાર સમિતિ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું છે. શૈક્ષણિક વર્ષની સમાપ્તિ બાદ જુનાં પાઠયપુસ્તકો પસ્તીમાં આપવાને બદલે તેનો વિનિમય કરવાનાં શુભ હેતુથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરિત ડૉક્ટર હેડગેવાર સેવા સમિતિ દ્વારા અમરેલી જિલ્લાના છ સ્થળોએ વિનામૂલ્યે ધોરણ ૬ થી ૧૦ના પાઠ્યપુસ્તકોના વિનિમય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૨૮/૦૪/૨૦૨૪ને રવિવારે સવારે ૯:૦૦ થી ૧:૦૦ અને બપોરે ૪:૦૦ થી ૭:૦૦ સુધી પાઠ્યપુસ્તક ફાળવવામાં આવશે. આ પુસ્તકો આદર્શ વિદ્યાલય - બગસરા, તાલુકા કુમાર શાળા - બાબરા, સરસ્વતી વિદ્યામંદિર ચિત્તલ, સરદાર પટેલ પ્રાથમિક શાળા - મોટા લીલીયા, મન મંદિર શૈક્ષણિક સંકુલ - ધારી તથા જીજીબેન ફૉરવર્ડ સ્કૂલ - અમરેલી ખાતેથી મળી શકશે. આ પુસ્તક વિનિમય મેળાનો વિદ્યાર્થીઓ વધુમાં વધુ લાભ લે તેવો સમિતિ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સાવરકુંડલામાં અભ્યાસ છોડનાર અને શાળાએ ન જતા બાળકોનો સર્વે કરાયો

સાવરકુંડલા,તા.૨૫

સાવરકુંડલા શહેરનાં છેવાડાનાં વિસ્તારોમાં અને જાહેર જગ્યાઓ પર સમગ્ર શિક્ષા અંતર્ગત ક્યારેય પણ શાળાએ ન ગયેલ હોય તેવા તેમજ અધવચ્ચેથી શાળા છોડી ગયેલ હોય તેવા ૬ થી ૧૯ વર્ષ સુધીનાં બાળકો અને બાળકીઓ ફરીથી શાળામાં પ્રવેશ મેળવે



તે માટે આવા બાળકોનો સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ સર્વે દ્વારા કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે, તેમજ ૬ થી ૧૯ વર્ષ સુધીના તમામ બાળકોને ધોરણ ૧ થી ૧૨ સુધીનું શિક્ષણ મળી રહે તેવા પ્રયાસ હાથ ધરવામાં આવ્યાં હતાં.આ કામગીરીમાં પરમાર ભાવનાબેન એમ.એ.આર. એન્ડ વી.ઈ. પ્રાથમિક વિભાગ, જોશી દર્શનાબેન બી.આર.સી ભવન સાવરકુંડલા, રાઠોડ ભારતીબેન પી.એ.આર. એન્ડ વી.ઈ. માધ્યમિક વિભાગ તથા તમામ સ્ટાફ જોડાયા હતા.

# વેરાવળની સરકારી હોસ્પિટલના ડોકટર પીધેલી હાલતમાં ઝડપાયા

કોડીનાર, તા.૨૫

વેરાવળની સરકારી હોસ્પિટલમાં કલેકટરે અચાનક જ મુલાકાત લેતા ગાયનેક વિભાગના ડોકટર પીધેલી હાલતમાં ઝડપાતા ચકચાર મચી જવા પામી છે. વિશ્વ મેલેરીયા દિવસના અવસરે યોજાયેલ સાયકલ રેલીમાં જોડાયા બાદ કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા અચાનક વેરાવળ ખાતે આવેલ સિવિલ હોસ્પિટલ ખાતે તપાસ અર્થે પહોંચ્યા હતાં. મુલાકાત દરમિયાન કલેટકરે દર્દીઓને અસુવિધાઓ ન પડે તે માટે સિવિલ હોસ્પિટલના અધિકારી વર્ગને જરૂરી સૂચનાઓ આપી હતી. તેમજ હોસ્પિટલના સ્ટાફને જરૂરી સૂચનાઓ આપી હતી. આ દરમિયાન સિવિલ હોસ્પિટલના ગાયનેકોલોજિસ્ટ એવા ડૉ. એ.બી. સોંદરવા સાથે કલેકટરે ચર્ચા કરતા ડોકટર બરોબર જવાબ ન આપી શકતાં તેમજ ડોક્ટરે કેફી પીણું પીધું હોય તેવી શંકા જણાતાં કલેકટરે તુરંત જ પોલીસને બોલાવી તેમનો બ્લડ ટેસ્ટ લેવાની સૂચના આપી હતી. જેથી ગાયનેક ડોકટરનું સેમ્પલ લેતા ડોકટર પીધેલી હાલતમાં હોવાનું માલુમ પડતા પોલીસે તાત્કાલિક ડોકટરની ધરપકડ કરી હવાલાતમાં ધકેલી લીધા હતા. આમ, ડોકટર પીધેલી હાલતમાં હોવાની ઘટનાથી સમગ્ર શહેરમાં ચકચાર મચી જવા પામી છે.

**'સૌનો લઇને સાથ, મચ્છરોનો કરીએ વિનાશ'**

# પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કોટડાપીઠા દ્વારા વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરાઈ

રેલી સ્વરુપે જન જાગૃતિ અભિયાનનું પણ આયોજન કરવામાં આવ્યું

સાવરકુંડલા,તા.૨૫

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કોટડાપીઠા કલોરાણા ગામે ૨૫-એપ્રિલ વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.




જેમાં આ વર્ષની થીમ 'સૌનો લઈને સાથ, મચ્છરોનો કરીએ વિનાશ' છે. આ દરમિયાન મેલેરીયા રોગ અટકાવવા માટે ગુરુ શિબિર, પત્રિકા વિતરણ અને રેલી સ્વરુપે જન જાગૃતિ અભિયાનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રા.આ. કેન્દ્ર- કોટડાપીઠાની ટીમ દ્વારા ખુબ જ જહેમત ઉઠાવવામાં આવી હતી.

**મેલેરીયા રોગ અટકાવવા આટલું કરો**

પાણીના વાસણો ઢાંકીને રાખવા અને દર ત્રીજા દિવસે વીછળી અને તાવીને પછી પાણી ભરવુ. જુના ટાયર, ભંગાર વગેરેનો નાશ કરવો, સુતી વખતે મચ્છરદાનીનો ઉપયોગ કરવો. સાંજના સમયે બારી બારણા બંધ રાખવા અને લીમડાના પાનનો ધુમાડો કરવો, તાવ આવે એટલે તુરંત જ લોહીની તપાસ કરાવી પછી જ દવા લેવી.

**અમરેલીમાં વધુમાં વધુ મતદાન થાય તેવા વહીવટી તંત્રના પ્રયાસો**

# અમરેલીમાં મતદાન કરનારા મતદાતાઓને ખરીદીમાં ડિસ્કાઉન્ટ મળશે

અમરેલી,તા.૨૫

અમરેલી કલેક્ટર ઓફિસ ખાતે ડી.ડી.ઓ. પરીમલ પંડ્યા તેમજ પ્રાંત ઓફિસર લાઠીયાના અધ્યક્ષ સ્થાને મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત બોલાવવામાં આવેલી મિટિંગમાં ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ અમરેલીના પ્રમુખ ભગીરથ ત્રિવેદી, અંકુર જાવિયા, ઘનશ્યામભાઈ રૈયાણી તેમજ વેપારી મહામંડળ અમરેલીના પ્રમુખ બિરજુ અટારા અને શહેરના વિવિધ એસોસિએશનના હોદ્દેદારો જેમાં નયનભાઈ પરસાણીયા, હરેશભાઈ વેકરીયા, મનીષભાઈ ડોબરીયા, મયુરભાઈ સાગલાણી, શાંતિલાલ ડોબરીયા, બીરેનભાઈ કાબરીયા, જયેશભાઈ માવદીયા, જીગ્નેશભાઈ ચાવડા, પ્રફુલભાઈ દેસાઈ, રોહિતભાઈ પડસાલા, જીતેનભાઈ ધોળકિયા, પ્રવીણભાઈ વાઘેલા તેમજ રવિભાઈ મહેતા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મતદાન



જાગૃતિ માટે ડી.ડીઓ.ના માર્ગદર્શન હેઠળ ચર્ચા થયા મુજબ મતદાનનું નિશાન લઈને આવે તે ગ્રાહકને મતદાનના દિવસે ડિસ્કાઉન્ટ આપવા માટેની રજૂઆત કરી હતી. જેમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે વિવિધ એસોસિએશન ડિસ્કાઉન્ટ આપવા માટે સંમત થયા હતા. તદુપરાંત વેપારીઓએ મતદાનના દિવસે પોતાના સ્ટાફ તથા કુટુંબીજનો દ્વારા વધુમાં વધુ મતદાન થાય તેવા પ્રયત્નો કરવા ખાતરી આપી હતી. આગામી તારીખ ૭/૦૫/૨૦૨૪ ના લોકશાહીના આ પર્વની ઉજવણી રૂપે વધુમાં વધુ મતદાન થાય તેવું વેપારીઓ દ્વારા જાહેર જનતાને આહ્વાન કરવામાં આવ્યું હતું.

**વેપારીઓને યથાયોગ્ય વળતર આપવા જણાવ્યું**

અમરેલી ડીડીઓએ મતદાતાઓ વધુમાં વધુ મતદાન કરે તે માટે ચેમ્બર ઓફ કોમર્સ સહિતની વેપારી સંસ્થાઓ સાથે બેઠક યોજી હતી. જેમાં મતદાનના દિવસે મતદાન કરનાર મતદાર મતદાનનું ચિહ્ન દેખાડે તેમને વેપારીઓ વધુમાં વધુ ૭% ડિસકાઉન્ટ અથવા તો યથાયોગ્ય વળતર આપે તેવો અનુરોધ કર્યો હતો. વેપારીઓએ પણ ડીડીઓને આ બાબતે સહકાર આપી વધુ મતદાન માટે પ્રયત્નો કરવામાં આવશે તેવી બાંહેધરી આપી હતી.


**CHANGE OF NAME**

I Undersigh I **MALAVIYA KAILASHBEN NARANBHAI** have changed my name from **MALAVIYA KAILASHBEN NARAN** To **MALAVIYA KAILASHBEN NARANBHAI**
Now I will be known as **MALAVIYA KAILASHBEN NARANBHAI**
Singh : **MALAVIYA KAILASHBEN NARANBHAI**
Address: PARMANAND SOCIETY, AT-DAMNAGAR, TAL-LATHI, DIST-AMRELI GUJARAT-365220

**CHANGE OF NAME**

I Undersigh I **MALAVIYA NARANBHAI NATHUBHAI** have changed my name from **MALAVIYA NARAN NATHUBHAI** To **MALAVIYA NARANBHAI NATHUBHAI**
Now I will be known as **MALAVIYA NARANBHAI NATHUBHAI**
Singh : **MALAVIYA NARANBHAI NATHUBHAI**
Address: PARMANAND SOCIETY, AT-DAMNAGAR, TAL-LATHI, DIST-AMRELI GUJARAT-365220

**રામ મંદિરના નિર્માણને રોકવા માટે સપા, કોંગ્રેસે અનેક પાપ કર્યા**

# કર્ણાટકના મુસ્લિમોને એક કાગળ પર લેબલ લગાવીને ઓબીસી તરીકે ઓળખવામાં આવ્યા : નરેન્દ્ર મોદી

(એ.આર.એલ),લખનૌ,તા.૨૫

વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશમાં ચૂંટણી રેલીઓને સંબોધન કર્યું હતું. તેમણે આ રેલીઓમાં વિરોધ પક્ષોને નિશાન પર લીધા હતાં. વડાપ્રધાન મોદીએ શાહજહાંપુરમાં બરેલી મોડ મેદાનમાં ભાજપના ઉમેદવારના સમર્થનમાં એક જનસભાને સંબોધી હતી. સંબોધન પહેલા નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠક અને કેબિનેટ મંત્રી સુરેશ કુમાર ખન્નાએ મંચ પર હનુમાનજીની તસવીર રજૂ કરીને તેમનું સ્વાગત કર્યું હતું.



મોદીએ કહ્યું કે કોંગ્રેસ કર્ણાટક મોડલને સમગ્ર દેશમાં લાગુ કરવા માંગે છે. કર્ણાટક મોડલ એ છે કે ઓબીસીને આપવામાં આવેલા ૨૭ ટકા ક્વોટામાંથી તે મુસ્લિમ જાતિઓને આપવામાં આવ્યો છે. કર્ણાટકના તમામ મુસ્લિમોને એક કાગળ પર લેબલ લગાવીને ઓબીસી તરીકે ઓળખવામાં આવ્યા. તેણે કહ્યું, શું તમે આવા મોડેલને સ્વીકારો છો?

વડાપ્રધાને કહ્યું કે સપાના લોકોએ કારસેવકો પર ગોળીબાર કર્યો હતો. કોંગ્રેસના લોકો રામ મંદિરનું નિર્માણ અટકાવી રહ્યા હતા. મંદિરના નિર્માણને રોકવા માટે સપા, કોંગ્રેસે અનેક પાપ કર્યા. તેના પાપને માફ કરીને મંદિરના ટ્રસ્ટીઓ તેના ઘરે ગયા અને તેને આમંત્રણ આપ્યું. રામ મંદિરનું આમંત્રણ મળવું એ સાત જન્મનું પુણ્ય છે. તેણે આ બાબતને પણ ફગાવી દીધી હતી.

વડાપ્રધાને કહ્યું કે પહેલા લખનૌ-કાનપુરમાં દરરોજ આતંકવાદી હુમલા અને બોમ્બ વિસ્ફોટ થતા હતા. આ સિવાય સપા અને કોંગ્રેસના લોકો પણ કશું કહી શક્યા નથી, કારણ કે તેઓએ એવું કંઈ કર્યું નથી જેના વિશે તેઓ જાણી શકે. આતંકવાદીઓના મોત પર કોંગ્રેસના મોટા નેતાઓ આંસુ વહાવી રહ્યા હતા.

# મોદીએ ભારતમાં અવિશ્વસનીય કામ કર્યું, અમેરિકાને આવા નેતાની જરૂર છે : જેમી ડિમોન

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૨૫

યુએસ સ્થિત બેંકિંગ ફર્મ જેપી મોર્ગન ચેઝના હેડ જેમી ડિમોને પીએમ મોદીના વખાણ કર્યા છે. તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી, વસ્તીના મોટા વર્ગને ગરીબીમાંથી બહાર કાઢવામાં સરકારની સિદ્ધિઓની નોંધ લીધી. ડિમોન ઈકોનોમિક ક્લબ ઓફ ન્યૂયોર્ક દ્વારા આયોજિત લંચમાં બોલી રહ્યા હતા. તેમણે કહ્યું, 'મોદીએ ભારતમાં અવિશ્વસનીય કામ કર્યું છે. હું જાણું છું કે અહીં ઉદારવાદી પ્રેસે તેમની ભારે ટીકા કરી છે. તેમણે ૪૦ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા છે. તેમણે ગરીબી નાબૂદી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને નોકરશાહી સુધારામાં પીએમ મોદીના પ્રયાસોને પ્રકાશિત કર્યા. તેમણે આગળ કહ્યું, 'ઘણા અમેરિકન અધિકારીઓ ભારત વિશે કલ્પના કરે છે.



આપણે કેવી રીતે વિચારી શકીએ કે તેઓએ તેમનો દેશ કેવી રીતે ચલાવવો જોઈએ? મોદી પડકારોનો હિંમતપૂર્વક સામનો કરી રહ્યા છે. તેમણે કહ્યું, 'કેટલાક દેશોની સરકારો ક્લાઈમેટ ચેન્જ અને મજૂર અધિકારો પર પીએમ મોદીની ટીકા કરે છે.

**ચકમા મૂળ રીતે બૌદ્ધ ધર્મના આદિવાસી લોકો છે**

# ચૂંટણી વચ્ચે રિજિજુના નિવેદનથી હોબાળો : અરુણાચલથી એક લાખ ચકમા શરણાર્થીને આસામ મોકલાશે

(એ,આર.એલ),નવીદિલ્હી,તા.૨૫

આસામમાં બીજા તબક્કાના મતદાનથી પહેલાં નવા મુદ્દાને લઈને રાજકીય ગરમી વધી ગઇ છે. હકીકતમાં બે દિવસ પહેલાં જ કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુએ કહ્યું હતું કે અરુણાચલ પ્રદેશમાં રહેતા ચકમા અને હાજોંગ શરણાર્થીઓને ચૂંટણી બાદ સીએએ કાયદાની જોગવાઈઓ હેઠળ આસામમાં શિફ્ટ કરવામાં આવશે. તેમના આ નિવેદન બાદ વિરોધ પ્રદર્શનની શરૂઆત થઇ ગઇ છે. આસામના મુખ્યમંત્રી હેમંત બિસ્વા સરમાએ કહ્યું કે કેન્દ્ર સરકારે આને લઈને હજુ સુધી કોઇ નિર્ણય કર્યો નથી. આસામ જાતીય પરિષદ અને કોંગ્રેસે કહ્યું કે અમે



રાજ્યમાં ચકમા લોકોને વસવાટની મંજૂરી આપીશું નહીં. બીજી બાજુ ચકમા ડેવલપમેન્ટ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના સંસ્થાપક સુહાસ ચકમાએ કહ્યું કે રિજિજુનું નિવેદન મત હાંસલ કરવા સાથે સંબંધિત છે. ચકમા મૂળ રીતે બૌદ્ધ ધર્મના આદિવાસી લોકો છે. જ્યારે બાંગ્લાદેશની રચના કરવામાં આવી ત્યારે તેમને ત્યાંથી ફરાર થવાની ફરજ પડી હતી.

આસામ કોંગ્રેસના અધ્યક્ષ ભુપેન બોરાહે કહ્યું કે ચકમા લોકોને ચૂંટણી બાદ રાજ્યમાં વસાવવા માટેની યોજનાને અમલી કરવાની તક અપાશે નહીં. આ આસામના લોકોની સાથે વિશ્વાસઘાત સમાન છે. જો ચકમા લોકોને બળજબરીપૂર્વક શિફ્ટ કરાશે તો તે ૧૯૯૬માં આપવામાં આવેલા સુપ્રીમ કોર્ટના ચુકાદાનું ઉલ્લંઘન રહેશે.

**વ્યક્તિની ખાનગી મિલકતને સમુદાયના ભૌતિક સંસાધન તરીકે ગણી શકાય નહીં**

# ખાનગી મિલ્કતને જાહેર હિત માટે રાજ્ય દ્વારા હસ્તગત કરી શકાય નહીં : સુપ્રીમ કોર્ટ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૫

સુપ્રીમ કોર્ટે કહ્યું કે બંધારણનો હેતુ 'સામાજિક પરિવર્તનની ભાવના' લાવવાનો છે. તે કહેવું ખતરનાક હશે કે વ્યક્તિની ખાનગી મિલકતને સમુદાયના ભૌતિક સંસાધન તરીકે ગણી શકાય નહીં અને જાહેર હિત માટે રાજ્ય દ્વારા તેને હસ્તગત કરી શકાય નહીં. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની ૯ જજોની બંધારણીય બેન્ચે આ ટિપ્પણી કરી હતી. બંધારણીય બેંચ એ પ્રશ્ન પર વિચાર કરી રહી છે કે શું ખાનગી મિલકતોને બંધારણની કલમ ૩૯ (બી) હેઠળ સમુદાયના ભૌતિક સંસાધન તરીકે ગણી શકાય? આ મામલો સુપ્રીમ કોર્ટમાં અનેક અરજીઓ દ્વારા ઉઠાવવામાં આવ્યો



છે. બંધારણની કલમ ૩૯(બી) એવી જોગવાઈ કરે છે કે રાજ્ય તેની નીતિ દ્વારા સમુદાયના ભૌતિક સંસાધનોની માલિકીની અને સામાન્ય ભલાઈ માટે શ્રેષ્ઠ હોય તે રીતે નિયંત્રિત થાય તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરશે. મુંબઈના પ્રોપર્ટી ઓનર્સ એસોસિએશન સહિતના પક્ષકારોના વકીલે મજબૂત દલીલ કરી હતી કે બંધારણની કલમ ૩૯(બી) અને ૩૧ હેઠળ બંધારણીય યોજનાઓની આડમાં રાજ્ય સત્તાવાળાઓ દ્વારા ખાનગી મિલકતો હસ્તગત કરી શકાતી નથી. બંધારણીય બેન્ચે કહ્યું કે 'સમુદાયના ભૌતિક સંસાધનો'નો અર્થ માત્ર જાહેર સંસાધનો છે એવું સૂચવવું થોડું આત્યંતિક હોઈ શકે છે. તેનું મૂળ કોઈપણ વ્યક્તિની ખાનગી મિલકતમાં રહેતું નથી. હું તમને કહીશ કે આવો દૃષ્ટિકોણ લેવો શા માટે જોખમી છે. બેન્ચે વધુમાં કહ્યું કે, ખાણો અને ખાનગી જંગલો જેવી સાદી વસ્તુઓ લો. કલમ ૩૯(બી) હેઠળ ખાનગી જંગલો પર સરકારી નીતિ લાગુ થશે નહીં તેથી તેનાથી દૂર રહો, આ કહેવું ઘણું જોખમી હશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે મહારાષ્ટ્રના કાયદાને સત્તા આપતો સત્તાધિકારીઓ જર્જરિત ઈમારતોનો કબજો લેવા માટે માન્ય છે કે નહીં તે સંપૂર્ણપણે અલગ મુદ્દો છે.

# અવકાશમાં પરમાણુ હથિયારોની તૈનાતી વિરુદ્ધ પ્રસ્તાવ પર રશિયાનો વીટો

(એ.આર.એલ),મોસ્કો,તા.૨૫

રશિયાએ યુએન સિક્યુરિટી કાઉન્સિલની બેઠકમાં આઉટર સ્પેસ ટ્રીટી ઠરાવને વીટો કરીને અવરોધિત કર્યો હતો. જેના કારણે અમેરિકા ગુસ્સે છે. અમેરિકાએ રશિયા પર આરોપ લગાવ્યો છે કે રશિયા સેટેલાઈટ વહન કરતા પરમાણુ હથિયારો વિકસાવી રહ્યું છે અને તેથી જ તેણે આ પ્રસ્તાવને વીટો કર્યો હતો. આઉટર સ્પેસ ટ્રીટી હેઠળ પરમાણુ હથિયારો સહિત ખતરનાક શસ્ત્રો અવકાશમાં તૈનાત પર પ્રતિબંધ મૂકવાની તૈયારી હતી. જોકે, રશિયાના વીટોના કારણે અમેરિકાનો આ ઈરાદો પુરો થઈ શક્યો નથી. અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાને એક નિવેદનમાં કહ્યું હતું કે 'જેમ કે અમે




પહેલા નોંધ્યું છે કે, રશિયા ઉપગ્રહ વહન કરતા પરમાણુ હથિયારો વિકસાવી રહ્યું છે. અમે સાંભળ્યું છે કે રાષ્ટ્રપતિ પુતિને જાહેરમાં કહ્યું હતું કે રશિયાની અવકાશમાં પરમાણુ શસ્ત્રો જમાવવાની કોઈ યોજના નથી. જો એમ હોય તો રશિયાએ આ પ્રસ્તાવ સામે વીટો શા માટે આપ્યો? સુલિવાને કહ્યું કે 'યુએસ અને જાપાન દ્વારા સંયુક્ત રીતે લાવવામાં આવેલા ઠરાવમાં નક્કી કરવામાં આવ્યું હશે કે અવકાશમાં પરમાણુ હથિયારોની જમાવટ મૂળભૂત જવાબદારીઓ વિરુદ્ધ છે.

**લગ્ન પ્રસંગમાંથી પરત ફરી રહ્યા હતા તે દરમ્યાન**

# પટનામાં જદયુ નેતાની બાઈક સવારોએ ગોળી મારી હત્યા કરી

(એ.આર.એલ),પટણા,તા.૨૫

પટનામાં જદયુ નેતા સૌરભ કુમાર (૩૩)ની બદમાશોએ ગોળી મારીને હત્યા કરી દીધી છે. સૌરભ તેના મિત્ર મુનમુન સાથે મધરાતે ૧૨ વાગ્યે કારમાં સવાર થઈને લગ્નના રિસેપ્શનમાંથી પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન બાઈક સવાર ૪ બદમાશોએ તેમના પર લગભગ ૫ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. સૌરભ કુમારને માથામાં બે ગોળી વાગી હતી. તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જ્યારે તેના મિત્ર મુનમુન કુમારને ત્રણ ગોળી વાગી હતી. તેને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. મામલો પટનાના પુનપુન પોલીસ સ્ટેશન વિસ્તારના બડિયા કૌલ ગામનો છે. સૌરભ કુમાર પણ



પ્રોપર્ટી ડીલિંગનું કામ કરતો હતો. ઘટનાની માહિતી મળતાની સાથે જ પાટલીપુત્ર સીટ પરથી આરજેડી ઉમેદવાર અને લાલુ યાદવની મોટી પુત્રી મીસા ભારતી સૌરભ કુમારના પરિવારને મળ્યા હતા. આસપાસના લોકો રસ્તા પર આવી ગયા હતા. લોકોએ ફરીથી પટના રોડ પર જોરશોરથી વિરોધ શરૂ કર્યો. તમામ ગુનેગારોની ધરપકડની માંગ કરી હતી. હત્યા અને લોકોના પ્રદર્શનની માહિતી મળતા જ સિટી એસપી ઈસ્ટ ઈન્ડિયા સોની સહિત અનેક પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. જણાવવામાં આવી રહ્યું છે કે શિવનગરના રહેવાસી જદયુ નેતા સૌરભ કુમાર તેમના મિત્ર મુનમુન કુમાર સાથે પુનપુનના બધૈયાન કોલ ગામમાં લગ્નની રિસેપ્શન પાર્ટીમાં ગયા હતા.

# કેન્યામાં પૂરને લીધે ચારેબાજુ વિનાશ, ૩૮ લોકોનાં મોત, લાખો અસરગ્રસ્ત

(એ.આર.એલ),નૈરોબી,તા.૨૫

આફ્રિકન દેશ કેન્યામાં મૂશળધાર વરસાદે વિનાશ વેર્યો છે. ભારે વરસાદને લીધે દેશના ઘણા વિસ્તારો જળમગ્ન થયા છે. પૂરના પાણીથી સ્થિતિ બેકાબૂ બની ગઈ છે. અત્યાર સુધી ૨૮ લોકોનાં મોત થઈ ચુક્યા છે. અડધું કેન્યા આ સમયે પૂરના પાણીમાં ગરકાવ થયું છે. પૂરથી લાખો લોકોને અસર થઈ છે. માર્ગો, શેરીઓ અને લોકોના ઘરમાં પાણી ભરાઈ ગયા છે. રસ્તાઓમાં વાહનો પાણીમાં ડૂબી ગયા છે. વરસાદથી જનજીવન ખરાબ રીતે પ્રભાવિત થયું છે. લોકો સુધી રાહત પહોંચી નથી રહી. કેન્યા દેશની રાજધાની નૈરોબીમાં પૂરના કારણે ઘણા રસ્તાઓ બંધ થઈ ગયા છે અને ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. નૈરોબીમાં સ્થિતિ ખૂબ જ મુશ્કેલ બની ગઈ છે, દરેક જગ્યાએ પાણી જ દેખાઈ રહ્યું છે. સરકાર રાહત અને



બચાવ કાર્યમાં તમામ સંસાધનોનો ઉપયોગ કરી રહી છે પરંતુ સ્થિતિ નિયંત્રણ બહાર છે. કેન્યા રેડક્રોસ સોસાયટીએ કહ્યું કે તેણે માથારેમાં ૧૮ લોકોને બચાવ્યા છે. નૈરોબીમાં ભારે વરસાદને કારણે આ લોકો ત્યાં ફસાયા હતા. દેશના અન્ય ભાગોમાં પણ લોકોના જીવ બચાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પૂરના પાણીને કારણે નૈરોબીમાં બે મુખ્ય હાઈવેના કેટલાક ભાગો ડૂબી ગયા છે. કેન્યા અર્બન રોડ ઓથોરિટીએ પણ પૂરના કારણે ચાર રસ્તા બંધ કરી દીધા છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે હવામાનશાસ્ત્રીઓએ જૂન મહિના સુધી વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

# જેલમાં બંધ કટ્ટરપંથી અમૃતપાલ સિંહ લોકસભાની ચૂંટણી લડશે

(એ.આર.એલ),ચંદીગઢ,તા.૨૫

રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ હેઠળ આસામની જેલમાં બંધ કટ્ટરવાદી શીખ અમૃતપાલ સિંહના વકીલે દાવો કર્યો હતો કે તે (સિંહ) પંજાબની ખદુર સાહિબ બેઠક પરથી સ્વતંત્ર ઉમેદવાર તરીકે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી લડશે. અમૃતપાલના પિતા તરસેમ સિંહે કહ્યું કે તેઓ ગુરુવારે તેમના પુત્રને મળ્યા પછી જ આ મામલે ટિપ્પણી કરશે. જો કે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે અમૃતપાલ સિંહે શરૂઆતમાં રાજકારણમાં જોડાવામાં કોઈ રસ દાખવ્યો ન હતો. ખાલસાએ કહ્યું, "હું આજે ભાઈ સાહેબ (અમૃતપાલ સિંહ)ને ડિબ્રુગઢ સેન્ટ્રલ જેલમાં મળ્યો હતો અને મિટિંગ દરમિયાન મેં તેમને વિનંતી કરી હતી કે 'ખાલસા પંથ'ના હિતમાં, તેમણે આ વખતે સંસદ સભ્ય બનવા માટે ખડૂર સાહિબથી ચૂંટણી લડવી જોઈએ."

# ભારતના સિયાચીન ગ્લેશિયરમાં ચીનનો અનઅધિકૃત રોડ, સેટેલાઈટ તસવીરો વાયરલ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૫

ભારત અને ચીન વચ્ચે ફરી વિવાદ થઈ શકે છે. કારણ કે ચીન સિયાચીન ગ્લેશિયરની ઉત્તર દિશામાં નવો રોડ બનાવી રહ્યું છે. સેટેલાઈટ ફોટાના કારણે આ વાત સામે આવી છે. ચીન અહીં કોંક્રીટ રોડ બનાવી રહ્યું છે. આ રોડ ગેરકાયદેસર કબજા હેઠળના કાશ્મીરમાં છે. એટલે કે સિયાચીનની ઉત્તરે દુનિયાનું સૌથી ઊંચું યુદ્ધક્ષેત્ર છે. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરનો એક ભાગ ૧૯૬૩માં ચીન પાસે ગયો હતો. અહીં શાક્સગામ વેલી છે. ચીન આ ખીણમાં તેના હાઈવે G૨૧૯નું વિસ્તરણ કરી રહ્યું છે. આ વિસ્તાર ચીનના શિનજિયાંગમાં આવે છે. તે સિયાચીન ગ્લેશિયરના ઈન્દિરા કોલથી ૫૦ કિલોમીટર




ઉત્તરમાં છે. રસ્તાના કોઓર્ડિનેટ્સ છે. ઈન્દિરા કોલ એ જ જગ્યા છે જ્યાં રક્ષા મંત્રી રાજનાથ સિંહે માર્ચમાં બે વખત મુલાકાત લીધી હતી. આ સેટેલાઈટ તસવીરો યુરોપિયન સ્પેસ એજન્સી દ્વારા લેવામાં આવી છે. ત્યારે ખબર પડી કે આ રોડ ગયા વર્ષે જૂનથી ઓગસ્ટ વચ્ચે બનાવવામાં આવ્યો હતો. ભારતીય સેનાના ફાયર એન્ડ ફ્યુરી કોર્પ્સના પૂર્વ કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ રાકેશ શર્માએ કહ્યું કે ચીન દ્વારા બનાવવામાં આવી રહેલો રસ્તો સંપૂર્ણપણે ગેરકાયદે છે.

# છત્તીસગઢના બસ્તરમાં રાત્રે જોરદાર ભૂકંપના આંચકા અનુભવાયા


(એ.આર.એલ),બસ્તર,તા.૨૫

છત્તીસગઢના બસ્તર જિલ્લાના જગદલપુર સહિત વિવિધ વિસ્તારોમાં બુધવારે રાત્રે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. શહેરના અનેક વિસ્તારોમાં સાંજે ૭.૫૮ અને ૮.૦૨ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપથી ગભરાયેલા લોકો ઘર છોડીને બહાર આવી ગયા હતા. જગદલપુર શહેરના ઘણા વિસ્તારોમાં સવારે ૭.૫૮ અને ૮.૦૨ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપથી ગભરાયેલા લોકો ઘર છોડીને બહાર આવી ગયા હતા. લોકોએ જણાવ્યું કે ભૂકંપના આ આંચકા થોડીક સેકન્ડ માટે અનુભવાયા હતા. હવામાનશાસ્ત્રી એચપી ચંદ્રાએ પણ આ વાતની પુષ્ટિ કરી છે.

# ઉત્તર-પૂર્વના રાજ્યોમાં આગામી ૪૮ કલાક દરમિયાન ભારે પવન સાથે વરસાદની આગાહી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૫

આગામી ૨૪ કલાક દરમિયાન દેશના વિવિધ ભાગોમાં કેટલીક જગ્યાએ વરસાદ અને કેટલીક જગ્યાએ ગરમીનું મોજું રહેશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, ગંગા પશ્ચિમ બંગાળ, આંતરિક કર્ણાટક, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, દરિયાકાંઠાના ઓડિશા, કોંકણ અને ગોવામાં અલગ-અલગ સ્થળોએ ગરમીની લહેર આવવાની શક્યતા છે. આઈએમડીએ મહારાષ્ટ્રના થાણે અને રાયગઢ જિલ્લાઓ તેમજ મુંબઈના ભાગો માટે ૨૭ થી ૨૯ એપ્રિલ સુધી હીટવેવ એલર્ટ જારી કર્યું છે. હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી



અનુસાર, અનંતપુર છેલ્લા ૨૪ કલાકમાં દેશનું સૌથી ગરમ સ્થળ હતું જ્યાં મહત્તમ તાપમાન ૪૩.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે ભુવનેશ્વરમાં પારો ૪૩.૨ ડિગ્રી નોંધાયો હતો. જમશેદપુરમાં ૪૨.૬ ડિગ્રી અને પ્રયાગરાજમાં ૪૨.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. દેશના મોટાભાગના રાજ્યોમાં પારો ૪૦ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૨૮ એપ્રિલ સુધી પૂર્વોત્તર ભારતમાં અલગ-અલગ સ્થળોએ ગાજવીજ અને ભારે પવન સાથે ભારે વરસાદની સંભાવના છે. અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે જણાવ્યું હતું.

# કરીના કપૂર દિવ્યાંગોને પ્રોત્સાહિત કરવા પહોંચી બિગ બી અભિષેક સાથે જાહેરમાં જોવા મળ્યા

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૫

કરીના કપૂર ખાન દિવ્યાંગોને પ્રોત્સાહિત કરવા બુધવારે સાંજે મુંબઈના ખાર વિસ્તારમાં ખાર જિમખાના પહોંચી હતી. ત્યાં દિવ્યાંગો માટે વ્હીલચેર દોડ સ્પર્ધાનું આયોજન કરવામાં



આવ્યું હતું. કરીના કપૂર ત્યાં પહોંચી અને વિજેતાને એવોર્ડ પણ આપ્યો. આ પ્રસંગે તેમની સાથે સામાજિક કાર્યકર નિખિલ રૂપારેલ પણ હાજર રહ્યા હતા.

કરીના કપૂરે વિકલાંગોને પ્રોત્સાહિત કર્યા અને તેમની સાથે લાંબા સમય સુધી વાત પણ કરી. અમિતાભ બચ્ચન પણ પુત્ર અભિષેક બચ્ચન સાથે શહેરમાં જોવા મળ્યા હતા. હંમેશની જેમ સફેદ કુર્તા સાથે સાલ રાખી હતી.

॥ બજરંગ સ્ટીલ ॥
અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt લોખંડ (સળીયા), સિમેન્ટ, પતરા, ગેલ્વેનાઈઝ પાઈપ, બાઈન્ડીંગ વાયર, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વ્યાજબી ભાવથી મળશે
સ્થળ: લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી
અતુલભાઈ વી. ધામત (લીલીયાવાળા) મો.૯૪૨૮૭ ૧૧૯૧૨

# અમેરિકામાં, ડોકટરોએ ડુક્કરની કિડની ટ્રાન્સપ્લાન્ટ કરી મહિલાનો બચાવ્યો જીવ

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૨૫

અમેરિકામાં એક ખૂબ જ મહત્વપૂર્ણ સર્જરી કરવામાં આવી છે, જે મેડિકલ ક્ષેત્રે માઈલસ્ટોન સાબિત થઈ શકે છે. હકીકતમાં, અમેરિકાના ન્યુ જર્સીમાં સર્જનોએ એક મહિલાના શરીરમાં સંયુક્ત હાર્ટ પંપ અને પિગની કિડની ટ્રાન્સપ્લાન્ટ કરી છે. આ પ્રથમ વખત છે જ્યારે સંયુક્ત હૃદય પંપ અને પિગની કિડની માનવમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. આ સર્જરી ન્યુ જર્સીના એનવાયયુ લેંગોન ખાતે કરવામાં આવી હતી. વાસ્તવમાં, ન્યુ જર્સીની રહેવાસી ૫૪ વર્ષની લિસા પિસાનો હાર્ટ ફેલ્યોર અને છેલ્લા સ્ટેજની કિડનીની બિમારીથી પીડિત હતી. ઘણા સમયથી લિસા હાર્ટ અને કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવવાનો પ્રયાસ કરી રહી હતી, પરંતુ અમેરિકામાં ઓર્ગન



ડોનર્સની અછતને કારણે તે અંગો મેળવી શકી ન હતી. સર્જરી બાદ લિસાએ કહ્યું કે જ્યારે મારી સાથે પહેલીવાર આ ઓપરેશન વિશે વાત કરવામાં આવી ત્યારે મેં કહ્યું કે હું ચોક્કસપણે આનો પ્રયાસ કરવા માંગીશ. લિસાએ જણાવ્યું કે તે તમામ પ્રકારની સારવાર કરાવ્યા બાદ થાકી ગઈ હતી. તેથી જ્યારે ડોકટરોએ મને પિગની કિડની ટ્રાન્સપ્લાન્ટ વિશે જણાવ્યું, ત્યારે મેં ખુશીથી તેનો સ્વીકાર કર્યો. લિસાએ આગળ કહ્યું, 'આશા છે કે હવે મને મારા પૌત્ર-પૌત્રીઓ સાથે સમય પસાર કરવાનો અને તેમની સાથે રમવાનો મોકો મળશે.'

**અશ્વિન કાનગડ નામના પોલીસકર્મી સામે રોષનો માહોલ**

# રાજકોટમાં પોલીસ કસ્ટડીમાં મોત મામલે કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા

રાજકોટ, તા.૨૫

રાજકોટમાં એએસઆઇ અશ્વિન કાનગડની મુશ્કેલીમાં વધારો થયો છે. હમીર રાઠોડને પોલીસ સ્ટેશનમાં ઢોર માર મારવાથી મૃત્યુ થતાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. દરમિયાન રાજુ સોલંકીને પણ ઢોર માર મારવામાં આવ્યો હતો. આથી ઈજાગ્રસ્ત થતાં હોસ્પિટલમાં સારવાર હેતુ ખસેડાયો હતો ત્યારે સારવાર દરમિયાન રાજુ સોલંકીનું મોત નિપજ્યું છે. રાજુ સોલંકીના પુત્ર જય સોલંકીએ બેફામ માર મારવાના કારણે મોત થયાનો આક્ષેપ કર્યો છે.



રાજકોટની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન રાજુ સોલંકી નામના વ્યક્તિનું મોત નિપજ્યું છે. ૧૪ એપ્રિલે રાજુ સોલંકીને માલવિયાનગર પોલીસ સ્ટેશનના એએસઆઇ અશ્વિન કાનગડ દ્વારા પગ તેમજ સાથળના ભાગે માર મારવામાં આવ્યો હતો. હવે મોત થતાં એએસઆઈ અશ્વિન કાનગડની મુશ્કેલીમાં વધારો થયો છે. અશ્વિન કાનગડની ધરપકડ કરી કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. રાજુ સોલંકીના પુત્ર જય સોલંકીએ આક્ષેપ કરતાં કહ્યું કે, પોલીસ દ્વારા મારા પિતા રાજુભાઈ અને હમીર રાઠોડને બેફામ માર મારવામાં આવ્યો છે. સારવાર દરમિયાન મારા પિતાનું મોત નિપજ્યું છે. અમારી એક જ માંગ છે કે અશ્વિન કાનગડને સખ્ત સજા કરવામાં આવે. બંને પરિવારોને ન્યાય આપવામાં આવે. પોલીસે એટલી હદ સુધી માર માર્યો છે કે ઈજાના નિશાન શરીર પર સ્પષ્ટપણે દેખાતાં હતા.

# જસદણની કહોર કોલેજમાં 'બિહારવાળી', ખુલ્લેઆમ ચોરીનો વીડિયો વાયરલ થયો



જસદણ,તા.૨૫

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં તાજેતરમાં એક તરફ BCA સેમેસ્ટર- ૪ના ૩ પેપરના પ્રશ્નો લિક થયાના વ્હોટ્સએપ સ્ક્રીન શોટે ખળભળાટ મચાવી દીધો હતો. ત્યારે હવે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષામાં વિદ્યાર્થીઓ બેફામ ચોરી કરતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. આવા દશ્યો બિહારમાં જોવા મળતા હોય છે.

પણ કમનસીબી એ છે કે, એજ્યુકેશનમાં આગળ એવા ગુજરાતમાં આવા દશ્યો જોવા મળી રહ્યા છે. આ વીડિયોમાં ચાલુ પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ ખુલ્લેઆમ ચોરી કરતા, એકબીજા સાથે વાતચીત કરતા અને મોબાઈલમાં વાત કરતા નજરે પડે છે. ૫ વર્ષ પહેલા જસદણની કહોર કોલેજનું પરીક્ષા કેન્દ્ર રદ થયું હતું.

આ જ કોલેજના વીડિયો હોવાનું સામે આવ્યું છે. રદ થયેલું પરીક્ષા કેન્દ્ર ફરી ક્યારે શરૂ કરી દેવામાં આવ્યું તે પણ એક સવાલ ઊઠ્યો છે.

### વેસ્ટર્ન રેલ્વે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા

# પૂરી - અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાંથી બે બેગ ભરેલો ગાંજો ઝડપ્યો

અમદાવાદ,તા.૨૫

વેસ્ટર્ન રેલવે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા પૂરી અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાંથી બે બેગ ભરેલો ગાંજો ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહીમાં બિનવારસી બેગ અંગેની તપાસ કરતા ગાંજો મળી આવ્યો હોવાનું સામે આવ્યું છે. વેસ્ટર્ન રેલવે એસઓજી દ્વારા આ મામલે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

વેસ્ટર્ન રેલવે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા ગુનાખોરી ડામવા માટે વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવતા હોય છે. આ કાર્યવાહી વર્ષભર ચાલતી રહે છે. તેવામાં આજે સવારે વેસ્ટર્ન રેલવે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા પુરી અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાંથી બિનવારસી બેગ ઝડપી પાડવામાં આવી છે. જેની ઝીણવટભરી તપાસ કરવામાં આવતા તેમાંથી ગાંજો મળી આવ્યો છે. આ ગાંજો પેકીંગ કરીને બે બેગોમાં મુકવામાં આવ્યો હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. આ ગાંજાનો જથ્થો ભરેલી બેગ કાશીપુરા રેલવે સ્ટેશનથી જનરસ કોચમાં મુકવામાં આવી હોવાનું પ્રાથમિક સૂત્રો જણાવી રહ્યા છે.



વેસ્ટર્ન રેલવે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા આ જથ્થો જપ્ત કરીને ક્યાંથી ક્યાં લઈ જવાનો હતો, આ પાછળ કોણ વ્યક્તિઓ સંડોવાયેલા છે, સહિતના કોયડા ઉકેલવા માટે વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળી રહ્યું છે. તો બીજી તરફ વેસ્ટર્ન રેલવે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા આ મામલે એનડીપીએસ અંતર્ગત વડોદરા ખાતે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી હોવાનું પણ સૂત્રોએ ઉમેર્યું છે. હવે આ મામલે કેટલા સમયમાં વેસ્ટર્ન રેલવે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ જવાબદારો સુધી પહોંચે છે તે જોવું રહ્યું. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલ લોકસભાની ચૂંટણીને લઈને દેશભરમાં આદર્શ આચારસંહિતા લાગુ છે.

# જૂનાગઢ ખાતે વડાપ્રધાન મોદી સામે આપત્તિજનક ટીપ્પણી કરનાર યુવકની ધરપકડ

જૂનાગઢ,તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરૂધ્ધ આપત્તિજનક ટીપ્પણી કરનાર યુવકની જૂનાગઢથી ધરપકડ કરવામાં આવી છે. જૂનાગઢના હૈદર નામના યુવાન દ્વારા વડાપ્રધાન મોદી માટે સોશિયલ મીડિયા પર આપત્તિજનક ટીપ્પણી કરાઈ હતી. પોલીસ દ્વારા યુવકની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરાઈ છે. આ યુવક જૂનાગઢનો રહેવાસી છે.

હૈદર કુરેશી નામના યુવાન દ્વારા વડાપ્રધાન મોદી માટે આપત્તિજનક ટીપ્પણી આઈ લવ માય જૂનાગઢ નામના વોટ્સએપ ગ્રુપ પર કરાઈ હતી એટલું જ નહિં તેણે સોશિયલ મીડિયા પર પણ પીએમ વિરૂધ્ધ ખરાબ શબ્દો વાપર્યા હતાં બાદમાં પોસ્ટ ડિલીટ કરી પુરાવાનો નાશ કર્યો હતો.ત્યારે સમગ્ર મામલો બહાર આવતા જૂનાગઢ પોલીસ દ્વારા ગુનો દાખલ કરાયો છે. જૂનાગઢ પોલીસે આઈપીસીની કલમ મુજબ ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

# ચૂંટણી ટાણે રાજયના ૧૨ આઈપીએસ અધિકારીઓની બદલીનો ગંજીપો ચિપાયો

અમરેલી,તા.૨૫

ગુજરાતમાં થોડા સમય પહેલાં IPS અધિકારીઓની બદલીના હુકમ થયા બાદ હવે ઘણી જગ્યાએ વેઈટિંગ ફોર પોસ્ટિંગ અને ઈન્ચાર્જમાં પોસ્ટ ચાલતી હતી તેને પણ ચૂંટણી પંચે છેલ્લી મહોર લગાવીને પોસ્ટિંગ આપી દીધી છે. ૧૨ આઈપીએસમાંથી પોસ્ટિંગની રાહમાં રહેલા ૯ અધિકારીને પોસ્ટિંગ અપાયું છે અને ૩ અધિકારીની બદલી કરવામાં આવી છે. આઈપીએસ અધિકારીઓની બદલી પર નજર કરીએ તો પોસ્ટિંગની રાહમાં રહેલા ગગનદીપ ગંભીરની IGP (એડમિનિસ્ટ્રેટિવ) તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. રાઘવેન્દ્ર વત્સની સુરત શહેરના જોઈન્ટ પોલીસ કમિશનર(ક્રાઈમ) તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. શરદ સિંઘલને અમદાવાદ શહેરના જોઈન્ટ પોલીસ કમિશનર(ક્રાઈમ) તરીકે નિમણૂંક કરવામાં આવી છે. નિરજ બડગુજરની અમદાવાદ શહેરમાં એસીપી ક્રાઈમ તરીકે બદલી કરવામાં આવી છે. ચૈતન્ય માંડલિકને સીઆઈડી ક્રાઈમ(ગાંધીનગર)ના એસ.પી.તરીકે મૂકવામાં આવ્યા છે. મનીષસિંઘની મોટર ટ્રાન્સપોર્ટના એસપી તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. ઉષા રાડાની SRPF, ગ્રૂપ-૬(મુડેટી, સાબરકાંઠા)ના કમાન્ડન્ટ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. અજીત રાજ્યાનની અમદાવાદ શહેરના સાયબર ક્રાઈમના ડીસીપી તરીકે બદલી કરવામાં આવી છે. ડો.લવિના સિન્હાની અમદાવાદ શહેરના સાયબર ક્રાઈમના ડીસીપી તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ-૧ના એસપી હિમાંશુ વર્માની અમદાવાદ શહેરના ઝોન-૧ ડીસીપી તરીકે બદલી કરવામાં આવી છે. સ્ટેટ પોલીસ સર્વિસના રૂપલ સોલંકીની ડીજી ઓફિસમાં સ્ટાફ ઓફિસર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. સ્ટેટ પોલીસ સર્વિસના ભારતી જે. પંડ્યાની ગાંધીનગર ખાતે ટેકનિકલ સર્વિસમાં એસ.પી. તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

### બંને મૃતકમાંથી એક ઇસમ ૧૦ ગુનામાં સંડોવાયેલ

# અમદાવાદમાં એક જ રાતમાં બે હત્યા

(એ.આર.એલ), અમદાવાદ,તા.૨૫

અમદાવાદમાં ગણતરીના કલાકોમાં જ એક જ રાતમાં હત્યાના બે બનાવો બન્યા છે. જેમાં એક બનાવ નવરંગપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા આશ્રમ રોડ ઉપર આવેલા શીતલ આઈસ્ક્રીમ પાર્લર પાસે બન્યો હતો. અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં રાત્રે ૯:૩૦ વાગ્યાની આસપાસ જીતુ ઉર્ફે જીતેન્દ્ર દંતાણી નામનો રીક્ષા ચાલક રીક્ષા લઈને ઊભો હતો, તે સમયે આઈસ્ક્રીમ પાર્લર પર એક સગીર યુવક પોતાના નાના ભાઈ સાથે આવ્યો હતો અને દુકાનમાં હાજર કર્મચારી સાથે બોલાચાલી કરી રહ્યો હતો. તે દરમિયાન રીક્ષા ચાલક જીતુ દંતાણીએ તેને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારે સગીરે તેઓની સાથે ઝપાઝપી કરી હતી અને પોતાની પાસે રહેલી છરી મારી હતી.



આ ઘટનામાં રીક્ષા ચાલક યુવકનુ મોત નિપજ્યું હતું. જે સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. આ ઘટનાની જાણ થતા નવરંગપુરા પોલીસની ટીમ સ્થળ ઉપર પહોંચી હતી અને સીસીટીવી તેમજ અન્ય બાબતો તપાસ કરી અંતે સગીર વિરુદ્ધ પગલા લીધા છે. અમદાવાદમાં અન્ય એક બનાવ શહેરના દાણીલીમડા વિસ્તારમાં બિસમિલ્લાહ હોટલની પાછળ બન્યો હતો. જેમાં જુબેર કુરેશી નામના ૩૧ વર્ષીય યુવકની સૈયદ નામના આરોપીએ તિક્ષણ હથિયારના ઘા મારી હત્યા નિપજાવી હતી. મહત્વનું છે કે બંને વચ્ચે છેલ્લા પાંચ મહિનાથી બોલાચાલી અને અદાવત ચાલતી હતી. જેના ભાગરૂપે ગઈકાલે ઝુબેરની એકલતાનો લાભ લઈ યુસુફે તેના પર હુમલો કર્યો હતો. આરોપીએ ગળાના અને છાતીના ભાગે જીવલેણ ઘા મારી ઈજાઓ પહોંચાડી તેની હત્યા નિપજાવી હતી. તેથી પોલીસે હત્યાનો ગુનો નોંધી ફરાર યુસુફની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.




# અમરેલી સહિત ૭ શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રી પાર

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૫

ઉનાળો ચાલી રહ્યો છે, ગરમી પડી રહી છે, ત્યારે હવે રાજ્યમાં ગરમીનો પારો ફરી એક વાર ઊંચકાયો છે. રાજ્યમાં ફરી લોકોને આકરી ગરમીનો અહેસાસ થશે. તાપમાનમાં ગરમી વધવાથી ફરી એકવાર લોકોએ કાળઝાળ ગરમીનો સામનો કરવો પડી શકે છે. રાજ્યમાં મોટા ભાગનાં વિસ્તારમાં મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયો છે. આગામી દિવસોમાં હજુ પણ ગરમી વધવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે હજુ આગામી એક અઠવાડિયા સુધી લોકોએ ગરમીનો સામનો કરવો પડશે, રાજ્યનાં તાપમાનમાં હજુ વધારો થશે. હવામાન વિભાગ દ્વારા મળેલી માહિતી અનુસાર રાજ્યના ૭ શહેરોનું તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. માહિતી અનુસાર, બુધવારે અમદાવાદનું તાપમાન ૪૦.૮ ડિગ્રી નોંધાયું, જયારે ગાંધીનગરમાં ૪૦.૪ ડિગ્રી, વડોદરામાં ૪૦.૬ ડિગ્રી, રાજકોટમાં ૪૦.૫ ડિગ્રી, અમરેલીમાં ૪૦.૫ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૪૦.૭ ડિગ્રી અને વીવી નગરમાં સૌથી વધુ ૪૧.૭ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

આ સિવાય રાજ્યના અન્ય શહેરોની વાત કરીએ તો સૌથી ઓછું તાપમાન દ્વારકામાં ૩૦.૪ ડિગ્રી નોંધાયું છે, જયારે સુરત અને ભાવનગરનું તાપમાન અનુક્રમે ૩૮.૮ અને ૩૮.૨ ડિગ્રી નોંધાયું, જયારે ડીસામાં ૩૯.૪, ભુજમાં ૩૯ ડિગ્રી નોંધાયું હતું.

# નિલેશ કુંભાણીનું સ્વાગત ફૂલથી થશે કે પથ્થરથી તે સમય બતાવશે : દિનેશ કાછડીયા

(એ.આર.એલ),સુરત,તા.૨૫

છેલ્લા કેટલાક દિવસથી સુરત લોકસભાની ઉમેદવારી નોંધાવનાર કોંગ્રેસના નિલેશ કુંભાણી ચર્ચામાં છે. જો કે સોંગદનામામાં ભૂલ નીકળતા તેમનું ઉમેદવારીપત્ર રદ કરવામાં આવ્યુ છે. કોંગ્રેસ નેતા નિલેશ કુંભાણી હજી પણ ભૂર્ગભમાં છે. તેમની પત્ની ચાર દિવસ બાદ આજે તેમના નિવાસ્થાને પરત ફરી છે. જેમણે TV9 ને જણાવ્યુ કે સમય આવશે ત્યારે નિલેશ કુંભાણી લોકો સામે આવશે. બીજી તરફ ગઈકાલે કેટલાક રાજકીય નેતા દ્વારા નિલેશ કુંભાણી વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરાય તે માટે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવાની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે



પૂર્વ કોર્પોરેટર દિનેશ કાછડિયાએ એક નિવેદનમાં જણાવ્યું કે નિલેશ કુંભાણીનું સ્વાગત ફૂલથી થશે કે પથ્થરથી તે સમય બતાવશે. જેના પગલે નિલેશ કુંભાણીના ઘરે પોલીસ બંદોબસ્ત વધારવામાં આવ્યો છે.

ચૂંટણી પંચ નિલેશ કુંભાણી સામે કડક પગલા લઈ શકે છે. નિલેશ કુંભાણીના ચૂંટણી લડવા પર પ્રતિબંધ મુકાઈ શકે છે. સુરતથી કોંગ્રેસ ઉમેદવાર નિલેશ કુંભાણીનો રિપોર્ટ દિલ્લી ચૂંટણી પંચમાં પહોંચ્યો છે. ટેકેદારોની ખોટી સહી મુદ્દે સુરત કલેક્ટર અને નિરીક્ષકે રિપોર્ટ તૈયાર કર્યો હતો. મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ આ રિપોર્ટ દિલ્લી મોકલ્યો છે. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં આવા કેસમાં નવ ઉમેદવારો પર ત્રણ વર્ષનો ચૂંટણી લડવા પર પ્રતિબંધ મુકાઈ ચૂક્યો છે.

